॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓગષ્ટ ૨૦૧૧
રૂા. ૫/૦૦








ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે લેવા પટેલ હોસ્પિટલને ભેટ આપેલ M.R.I. મશિનનું
પૂ. મહંત સ્વામીએ તા. ૩-૭-૧૧ અષાઢી બીજના રોજ લોકાર્પણ કર્યું તે પ્રસંગની તસ્વીરો



નિયમની એકાદશીએ મહાપૂજામાં કરતાં હરિભક્તો - ભુજ



બહેનોના મંદિરે નિયમની એકાદશીએ મહાપૂજા - ભુજ





ભુજ મંદિર દ્વારા આર્થિક પાતળા વિદ્યાર્થીઓને સંતોને હસ્તે બેગ, નોટબુક વગેરેનું વિતરણ




હરિભક્તના પુત્રની રજતતુલા સમયે બાળકને
મહંત સ્વામીના આશીર્વાદ - ભુજ



ભારતના સર્વપ્રથમ સુપર ક્રિટિકલ ૬૬૦ મેગાવૉટ યુનિયનું
મુન્દ્રામાં ઉદ્‌ઘાટન કરતા મહંત સ્વામી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।। ।। માનવસેવા પ્રભુસેવા।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**


## લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.


**:: E-mail ::**
sandesh@bhujmandir.org
info@bhujmandir.org
**:: website ::**
www.bhujmandir.org.



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૮ - ઓગષ્ટ-૨૦૧૧
સળંગ અંક - ૩૦૯

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

ગુરુની સ્તુતિ કરતા સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે ''ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવ, મહેશ્વર છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે. તે શ્રી ગુરુને પ્રણામ.''

હિન્દુસ્થાનમાં અષાઢ સુદ પૂનમનો દિવસ ગુરુપૂર્ણિમા તરીકે મનાય છે. તે દિવસે ગુરુનું માહાત્મ્ય બતાવતો ગુરુપૂજનનો ઉત્સવ ઉજવવામાં આવે છે. વૈદિક સમયથી ચાલી આવતી આ પરંપરા શિષ્યની ગુરુ પ્રત્યેની પૂજ્ય ભાવના વ્યક્ત કરે છે. આજના સમયમાં ગુરુપૂર્ણિમાનો તહેવાર પ્રાચીનકાળની ગુરુશિષ્યની પરંપરાનું સ્મૃતિ પ્રતિક છે.

ઋષિમુનિઓ પાસે આશ્રમમાં રહી દૃઢ શ્રધ્ધાપૂર્વક ગુરુની આજ્ઞામાં રહી, ગુરુની સેવા કરી, ગુરુની આકરી કસોટીમાં સફળ રહી જીવનને ધન્ય કરનાર શિષ્યો દેશની સંસ્કૃતિગાથામાં અમર બની ગયા છે.

ગુરુકુળમાં વિદ્યાધ્યયન કરતા આરુણી ઉદ્દાલક જેવા અનેક શિષ્યો ગુરુ સેવામાં રત રહી ગુરુના કૃપાપાત્ર બની તેમના આશીર્વાદ પામ્યા છે.

શ્રીકૃષ્ણ પરમાત્મા અને સુદામા ગુરુ સાંદીપની ઋષિની આજ્ઞામાં રહી જંગલમાં સમિધકાષ્ઠ લેવા ગયા. ત્યાં ધોધમાર વરસાદ વચ્ચે અંધકારમાં અટવાઈ ગયા એ કથા પ્રસિધ્ધ છે.

ભગવાન સ્વામિનારાયણ અષ્ટાંગ બ્રહ્મચર્ય વ્રત સાથે તીવ્ર વૈરાગ્યવાન હોવા છતાં તેમણે સ.ગુ. રામાનંદની આજ્ઞાથી ધર્મધુરા સંભાળી આશીર્વાદ મેળવ્યા હતા.

ગૌતમમુનિનો શિષ્ય સત્યકામ ગુરુની આજ્ઞા પ્રમાણે ૪૦૦ રોગગ્રસ્ત ગાયોને લઈ વનમાં રહ્યા. લાંબો સમય ગાયોની સેવા કરી. તે ગાયો નીરોગી થઈ અને વિયાઈને ૧૦૦ની સંખ્યામાં થઈ ત્યારે આશ્રમે જવા નીકળ્યો. ત્યાં તેને પ્રસન્ન થયેલા વાયુએ સાંખ્યનું, અગ્નિએ યોગનું, સૂર્યએ પંચરાત્રનું અને પ્રાણે વેદાન્તનું જ્ઞાન માર્ગમાં જ આપ્યું.

ભગવાન સહજાનંદ સ્વામીએ પોતાના આશ્રિતોને ગુરુની સેવા જીવનપર્યંત કરવા આજ્ઞા કરી છે. તદુપરાંત સભાપ્રસંગમાં કહ્યું છે, ''ગુરુએ શિષ્યને દોષમુક્ત કરવા પ્રાયશ્ચિત કરાવવું, જો તે પોતાનું વચન ન માને તો તેવા શિષ્યનો ત્યાગ કરવો. પાપી શિષ્યનો લોભ ન રાખવો. બધાયનો મોક્ષ થાય તેવો લોભ રાખવો, આ સત્સંગમાં જેવા ગુરુ છે તેવા ચૌદ ભુવનમાં નથી''

આજે સંસ્કૃત પાઠશાળાઓમાં અને ધાર્મિક સંસ્થાઓમાં ગુરુશિષ્યની વૈદિક પરંપરાની અને ગુરુપૂર્ણિમા ઉત્સવની ભાવના સચવાઈ છે. આધુનિક શાળાઓ મહાશાળાઓમાં આ ભાવના પણ આધુનિક બની ગઈ છે.

પરમ સિધ્ધ પુરુષે ''વિદ્યાર્થી દેવો ભવ'' ની ભાવના સાથે કહ્યું છે, -

છાત્ર દેવાન્નમસ્કૃત્ય સર્વે સ્યુર્ગ્રન્થવાદિનઃ,
તેષુ તુષ્ટેષુ તુષ્ટઃ સ્યાત્ રુષ્ટં રુષ્ટેષુ વૈ બૃહદ્.

''વિદ્યાર્થીરૂપી દેવોને વંદન કરીને જ સૌએ ગ્રંથ શીખવવાનો આરંભ કરવો. તેઓને સંતોષો તો વિશ્વવ્યાપક પરમાત્મા તમારા પર સંતુષ્ટ થશે. તેમને લેશપણ કચવ્યા તો ઈશ્વરનો કોપ તમારા પર ઉતર્યો જ સમજો''

ગુરુ દેવો ભવ, છાત્ર દેવો ભવ, પરસ્પર દેવો ભવ. ઈતિ જય શ્રી સ્વામિનારાયણ.

# આ છે ધજાનો મહિમા

- કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી

કોઈપણ નાનું કે મોટું મંદિર હોય, ઉપર ''ધજા'' ફરકતી હોય છે.

ધજા-પતાકા એ હિન્દુ ધર્મ-સંપ્રદાયો અને ભારતીય સંસ્કૃતિનું એક પ્રતિક ગણાય છે.

ધજા-આરોહણનો પણ મહિમા છે. કોઈપણ ધાર્મિક મહોત્સવ, નૂતન મંદિર નિર્માણ, નાના-મોટા યજ્ઞો તેમજ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રારંભે જે-તે ધર્મસ્તંભની સ્થાપના કરવામાં આવે છે તથા ઉન્નતિના કોઈપણ સત્કાર્યના પ્રારંભમાં ધર્મસ્તંભની સ્થાપના કરતાં તેના પર ધજા નિરંતર ફરકતી રહે છે.

પૌરાણિક સમયમાં મહાભારતના યુધ્ધ વખતે ધર્મધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

દેવસ્થાનોની ધજા અલગ-અલગ પ્રકારની જોવા મળે છે. જેમ કે હનુમાનદાદાના મંદિરની ધજા રાતી વગેરે.

ધજા સફેદ કે બીજા કોઈપણ રંગની ઘણું કરીને ત્રિકોણ આકૃતિની હોય છે.

''મંદિર પર ફરકતી ધજાનાં દર્શન, જે-તે દેવના સ્મરણ સાથે શ્રધ્ધાપૂર્વક કરવાથી જે-તે દેવતાના દર્શન કર્યા બરાબરનું પુણ્ય મળે છે'' તેવું સ્કંદ પુરાણમાં લખ્યું છે.

ભક્તિમાર્ગના પ્રવાસી શ્રધ્ધાળુઓ દેવસ્થાનના આંગણાંમાં પ્રવેશ કરતી વખતે, સૌ પ્રથમ શિખર અને શિખર પર ફરકતી ધજાને પ્રણામ કરે છે.

ધજામાં વાપરવામાં આવતા કપડાના રંગનો પણ મહિમા જાણવા મળે છે. જેમકે, લાલ-રાતો રંગ, શક્તિ, ઉત્સાહ પરાક્રમ, સંપત્તિ અને સમૃધ્ધિનું પ્રતિક છે. પીળો રંગ જ્ઞાન, વિદ્યા, વિવેકનું પ્રતિક છે. લીલો રંગ આકાશ, નદીઓ, બાલ-પૌરુષને પ્રગટ કરતો રંગ છે. સફેદ રંગ પવિત્રતા, શુધ્ધતા, વિદ્યા, શાંતિ અને નૈતિકતા સ્વચ્છતાનું પ્રતિક છે. કેશરી રંગ શૂરવીરતા, સાહસિકતા, નિર્ભયતા, પ્રગતિશીલતા અને પૌરુષત્ત્વનું પ્રતિક છે. ગુલાબીરંગ પ્રફુલ્લિતતા, આનંદ, કોમળતાનું પ્રતિક છે. ધાર્મિકસ્થળે ધજાનો રંગ નિશ્ચિત પરંપરા મુજબ હોય છે.

પ્રાચીનકાળમાં રથનું વાહન કોનું છે ? તે ઓળખવા માટે પ્રત્યેક રથ ઉપર દરેક રાજા-મહારાજાઓની પોતાની આગવી ખાસ ધજા જે-તે રથ ઉપર ફરકાવવામાં આવતી હતી. મહાભારતમાં અર્જુનની ધજા ઉપર સાક્ષાત્ હનુમાનજી બિરાજતા હતા. વૈષ્ણવ મંદિરોમાં ધજા ઉપર ગરુડજી અંકિત કરેલ હોય છે તે મુજબ સ્વામિનારાયણ મંદિરની ધજા ઉપર ગરુડજી બિરાજમાન હોય છે.

શાસ્ત્રની દષ્ટીએ જે તે દેવોના વાહનનું ચિહ્ન ધજામાં હોવું જોઈએ.

ધજા જે-તે દેવસ્થાનોના મંદિરની ટોચ ઉપર શિખર-ઘુમ્મટ પર જોવા મળતી હોય છે.

દેવસ્થાનો ઉપર એક, બે, ચાર કે પાંચ કે સાત કે તેથી વિશેષ ધજાઓ શિખર, ઘુમ્મટ અને નાની-મોટી ઘુમ્મટીઓ પર ફરકતી જોવા મળે છે.

કેટલાક શ્રધ્ધાળુઓ પોતાની ખાસ કોઈ માનતા ફળીભૂત થાય છે ત્યારે તે સિધ્ધિના પ્રત્યુત્તરમાં જે-તે દેવી-દેવતાના સ્થાનકે ધજા ચડાવવાની બાધા રાખતા હોય છે. તીર્થસ્થળે ધજા ચડાવીને અદમ્ય ઉત્સાહપૂર્વક-દેવઋણ ચૂકવ્યાનો આત્મીય આનંદ માણતા હોય છે અને ઉત્સવ મનાવતા હોય છે.

વિશ્વમાં દ્વારકાધીશના જગત મંદિર ઉપર ધજા વિશ્વમાં સૌથી મોટી-લાંબી હોય છે. આ મંદિરની ઊંચાઈ એકસો પચાસ ફૂટ છે. તેના પર ફરકતી ધજાની લંબાઈ બાવનગજની છે. ધાર્મિક

માન્યતા મુજબ કોઈપણ દેવમંદિર પર ચડાવવામાં આવતી ધજાને તે દેવનું સ્વરૂપ માનવામાં આવે છે. દ્વારકાધીશના મંદિર પર દરરોજ ધજા ચડાવવામાં આવે છે.

ચંદ્ર સૂર્યના સંયુક્ત ચિહ્નવાળી હિંદુ ધર્મસ્થાનોની એમ વિવિધ પ્રકારની ધજાઓ જે-તે ધર્મસ્થાનકોની વિવિધતા દર્શાવે છે, ઓળખ પ્રસ્થાપિત કરે છે. સૂર્ય-ચંદ્ર સમગ્ર વિશ્વને પ્રકાશ આપે છે. તેથી આ બન્ને પ્રાકૃતિક ચિહ્નોનો ઉપયોગ ઘણી ધજામાં થતો હોય છે. વળી શ્રીરામ અને શ્રીકૃષ્ણના સૂર્યવંશ અને ચંદ્રવંશ સાથે પણ સંબંધ છે તે પણ જાણીતું છે.

જો આપ સૌએ જોયું હોય તો યાદ આવશે કે નૂતન મકાનના વાસ્તુવખતે, પૂર્ણાહુતિ પ્રસંગે મકાનની ઉપર તેના ખૂણાઓ ઉપર ધજાઓ ચડાવવામાં આવે છે.

જે-તે મંદિરોના વાર્ષિક પાટોત્સવો કે નાના-મોટા ઉત્સવો પ્રસંગે અથવા તો ધજા ખરાબ થઈ ગઈ હોય કે ફાટી ગઈ હોય તો તેના બદલે નવી ધજા ચડાવતા હોય છે. ધજા ચડાવતી વખતે તેનું પૂજન કરવામાં આવે છે. આરતી ઉતારવામાં આવે છે. ગોળ, ધાણા, ટોપરાનો પ્રસાદ વહેંચવામાં આવે છે.

કચ્છના પાટનગર ભુજ શહેરમાં આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના ગૌરવ સમાન-તીર્થધામ શ્રી નરનારાયણદેવ, નૂતન સ્વામિનારાયણ મંદિરના મહોત્સવના શ્રીગણેશ કરવા તા. ૨૫-૪-૨૦૧૦, રવિવારના દિવસે શ્રીહરિના પ્રસાદીભૂત હમીરસર તળાવનો જ ભાગ ગણાતા છતરડીવાળા તળાવ સ્થળે શ્રી સ્વામિનારાયણનગરમાં ૧૦૮ ફૂટ ઊંચા ધ્વજદંડ ઉપર સફેદવસ્ત્રમાં નિર્મિત એંશી ફૂટ લાંબી અને ચાલીસફૂટ પહોળી કે જેના ઉપર ભગવાન શ્રી વિષ્ણુના પ્રિય વાહન ગરુડજીની પ્રતિકૃતિ નિર્મિત કરેલી ધજા ફરકાવવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રસંગ સંપ્રદાયના ઈતિહાસનું એક આગવું પ્રકરણ રચાઈ ગયું છે.

આ સમયે નરનારાયણદેવની પ્રતિષ્ઠાનો ૧૮૮મો વાર્ષિક પાટોત્સવ-મંગલ પ્રવેશ થઈ રહેલ હોઈને ૧૦૮ ફૂટ ઊંચો ધર્મધ્વજ ફરકાવીને સંતો-ભક્તોએ પોતાની ભાવોર્મિ પ્રગટ કરી હતી. એકસો આઠ ફૂટ ઊંચા ધ્વજદંડ ઉપર એંશી ફૂટ લાંબી ધજા ફરકાવીને ૧૦૮ + ૮૦ = ૧૮૮ મા વર્ષના અંકને આ રીતે પ્રાસંગિક રીતે વણી લેવામાં આવ્યો હતો.

ભુજ મંદિરે પ.પૂ.સ.ગુ. મહંતસ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી તથા સ.ગુ.પુ. સ્વામી હરિજીવનદાસજી તથા સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતએ લીધેલા નિર્ણય પ્રમાણે અષાઢ શુક્લ ૧૧, દેવશયની એકાદશીને દિવસે બધા દેવોનાં મંદિરોના શિખર ઉપર ધજા ચડાવવામાં આવી હતી. અને હવેથી દરેક માસની શુદ એકાદશીએ દરેક દેવના શિખર ઉપર ધજા ચઢાવવામાં આવશે.

કોઈપણ હરિભક્તને યજમાનરૂપે કોઈપણ દેવ કે દેવોને ધજા ચડાવવાની ઉમેદ હોય તો તેમણે કોઠારનો સંપર્ક કરવો એવું સૂચન છે.

જય શ્રીસ્વામિનારાયણ.

## : અક્ષરવાસ :

માધાપરના પ.ભ. પ્રેમજીભાઈ ભીમજી વરસાણી (માજી પુજારી) ઉ.વ. ૬૯ની વયે તા. ૨૫-૬-૨૦૧૧, શનિવારના રોજ હરિ સ્મરણ કરતાં-કરતાં અક્ષરવાસી થયા છે. તેઓ એક સમજુ, ધર્મનિષ્ઠ, સેવાભાવી અને પ્રેમાળ પ્રેમી ભક્ત હતા. તેમના અક્ષરવાસથી માધાપર સમસ્ત સત્સંગ સમાજને મોટી ખોટ પડી છે. તેમના આત્માને શ્રીજી મહારાજ પોતાની દિવ્ય મૂર્તિનું અખંડ સુખ આપી પોતાના ચરણકમળમાં સ્થાન આપે અને સુપુત્રો આદિ વરસાણી પરિવારને ધીરજનું બળ આપે એવી શ્રીહરિને પ્રાર્થના.

## આયુર્વેદિક સરળ ઉપચાર

લેખ નં. ૬૯

- મહેન્દ્ર બી. દવે
(માંડવી)

# દાંતના રોગો

<u>શાથી થાય ?</u> :- આજકાલ દાંતના રોગ બહુ સામાન્ય થઈ પડ્યા છે. જ્યારે હોજરી બગડે છે ત્યારે તે પાચકપિત્ત છોડી શકતી નથી આથી અન્ન પચી શકતું નથી અને સડવા માંડે છે. આથી હોજરી બગડતા અંદર ચાંદા પડે છે. જેને અંગ્રેજીમાં પેટનું Ulcer(અલ્સર) કહે છે. અયોગ્ય અને ખરાબ ખોરાક પણ જવાબદાર કહી શકાય.

<u>લક્ષણ :-</u> આ પ્રમાણે હોજરી બગડતાં જીભનું ટેરવું, જીભની ફરતી કિનારી, જીભની સપાટી, હોઠ એમ એક પછી એક મુખની અંદરના ભાગો લાલ થવા માંડે છે. કોઈપણ ભાગમાં ધોળાં ચાંદાં પણ પડે, લોહી અથવા પરુ નીકળે, પીડા થાય પેઢાનો દુઃખાવો કે સડો થાય. દાંતના પેઢામાંથી એકાએક લોહી તથા પરુ નીકળવા માંડે આમ પેઢાંનો ચેપ એક બીજાને લાગવાથી પેઢાં પાકે છે. જેને આપણે 'પાયોરિયા' નામે ઓળખીએ છીએ. વળી, દાંતને ઠંડી હવા લાગવાથી અતિ ઠંડુ કે ગરમ ખાવા-પીવાથી તેમજ દાંતના પોલાણમાં ખોરાક ભરાઈ રહીને સડવાથી દાંત બગડે છે અને સડે છે. આજકાલ પીંછી અને ટુથપેસ્ટનો વપરાશ ઘણો જ વધી ગયો છે. જેથી દાંતને કસરત ન મળવાથી તેમજ પીંછી પેઢામાં લાગવાથી દાંત વચ્ચેના સાંધા ઉખડી જાય છે. જેથી પોલાણ થતાં ઉપરનું ચળકતું પડ ઉખડી જાય છે.

<u>ઉપાય :-</u> દાંતની મજબુતી માટે હંમેશાં દાતણ કરવું હિતાવહ છે. જેમાં કણજી, વડ, બાવળ, બોરસલ્લી, લીમડો. દાતણ ચાવવાથી દાંતને કસરત મળે છે. દાતણ સાથે સારું દંતમંજન પણ વાપરી શકાય. પીંછી સુંવાળી હોય અને વાપર્યા બાદ ગરમ પાણીથી સ્વચ્છ કરી શકતા હો તો જ વાપરવી. નહીંતર અંદર બેકટેરીયા ભરાઈને નુકશાન કરે છે. જ્યારે દાતણ તો ફેંકી દેવાનું હોય છે. પીંછી ઉપર દંતમંજન લઈને દાંત સાફ કરી શકાય જે ટુથપેસ્ટ કરતાં સારું અને સસ્તું પડી શકે છે.

પાયોરીયા, ખેરી અને છારી માટે તલ તેલ, જાત્યાદિ તેલ, અથવા ઈર્મેદાદી (અરિમેરાદી) તેલ અથવા ગરમ પાણીમાં લીંબુનો રસ તેમજ મીઠું નાખી કોગળા કરવા. આથી પેઢાં મજબુત રહે છે. સફાઈમાં ચીવટ રાખવી.

જ્યારે દાંત ચસકા મારતા હોય ત્યારે ગરમ પાણીના કોગળા કર્યા બાદ લવીંગના તેલમાં રૂ બોળી દુઃખતા ભાગમાં દાબી દેવું અથવા લવીંગનો બારિક પાવડર થોડા રૂમાં લઈ દાંતમાં દબાવી દેવું. તે સિવાય કપુર, ઈરમેટનાં ફૂલ, અજમાનાં ફૂલ (થાઈમોલ) આ ત્રણે ભેગા કરવાથી પ્રવાહી થઈ જશે. જે શીશીમાં ભરી રાખવું. અને પ્રવાહીમાં રૂ બોળી દુઃખના ભાગ ઉપર દબાવી દેવું. ઘરમાં રાખવા જેવું આ પ્રવાહી છે.

પેટ સારું હશે તો દાંત પણ સારા હશે જ. પેટની કબજિયાત એટલે દાંતનો બગાડ. જેની જઠરાગ્નિ સતેજ હોય તેના દાંત સારા, સુરક્ષિત રહે. ગરમા ગરમ ચા તથા અન્ય પ્રવાહી, ગરમ ખોરાક ખાવો, દિવસમાં ૪૦-૫૦ બીડી, સીગારેટ ફુંકવી, તમાકુવાળા પાનનો ડૂચો, ફાકી, ગુટકા દિવસ રાત ગાલમાં ભરી રાખવા આ બધાં વ્યસનોથી પેટ અને દાંત બગડે છે. માટે વ્યસન તો છોડી જ દેવાં.

બાળકોને નાનપણથી દાંત સ્વચ્છ રાખવાની ટેવ પાડવી. દાંત મુખ્યત્વે કેલ્શિયમના (ચૂનો) બનેલા છે. તેથી કેલ્શિયમવાળો ખોરાક બાળકોને આપવો. આ માટે દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, કેળાં મગ, ઉત્તમ છે. તાજાં ફળો પણ સારાં. બહુ મીઠી, ગળી

ચીજો બાળકો માટે સારી નહીં. બાળકો તેમજ મોટાઓએ કોઈપણ ખોરાક અથવા પીણાનો ઉપયોગ કર્યા બાદ મોઢું ખખડાવી કોગળા અચૂક કરવા અને શક્ય હોય તો સુંવાળી પીંછી મોઢામાં ઉપરથી નીચે અચૂક ફેરવવી.

આજકાલ જાહેરખબરોમાં દાંત સ્વચ્છ રાખવા માટે અનેક જાતની દવાઓ આવે છે. તેમાં જંતુઘ્ન દવા પણ હોય છે પણ એ દવાઓ દાંતના જંતુને મારી શકે એ માત્ર ભ્રમ છે. ઉલટું ધાતુઓનો (ટીથ્યુ) નાશ કરે છે. થાઈમોલ, કેમ્ફર જેવી સુગંધિત દવાઓની પણ કંઈ જરૂર નથી. માત્ર થોડા ગરમ પાણીમાં મીઠું નાખી સવારે/રાતે સુતી વખતે કોગળા કરવા. બન્ને વખતે જમ્યા બાદ પણ મોઢામાં મીઠું નાખી પાણી સાથે પીંછી ફેરવી લેવી. અને કોઈપણ ખોરાક ખાધા અથવા પીધા બાદ કોગળા કરવા.

કાયમ માટે દાંત મજબુત બને તે માટે વડનું દાતણ શ્રેષ્ઠ છે. તેમજ દરરોજ સવારે ૧ ચમચી કાળા અથવા સફેદ તલ બરાબર ચાવવા. પછી અડધો ગ્લાસ પાણી પીવું અને કોગળાથી મોઢું સાફ કરવું.

(આવતા અંકે સોરાઈસિસ)

## ''આંખ'' અને ''કાન'' પર બહુ ભરોસો રાખનાર ''સત્સંગ'' થી પડી જાય છે

- રમણ ગજ્જર (ભુજ)

માણસોની આંખ અને કાન બન્ને ખૂબ જ સતેજ હોય છે. આંખ ગમે તે જોવા તલપાપડ થતી હોય છે. અને કાન પણ સાંભળવા જેવું તો સાંભળે, પણ ન સાંભળવાનું પણ ધ્યાન દઈને સાંભળતા હોય છે. આ બન્નેને નિયંત્રણમાં ન રાખનાર સુખેથી ભગવાન ભજી શકતો નથી.

કારણ કે જે કંઈ ખોટું જોયું હોય અને ખોટું-ખરાબ સાંભળ્યું હોય તે ભક્તિ કરતી વખતે યાદ આવે છે. અને પ્રભુ ભજનમાં વિક્ષેપ કરે છે. માટે સાવધાન બનીએ.

આજે તો સમય એવો આવ્યો છે કે, જ્યાં ને ત્યાં સારું ઓછું જોવા મળે, સારું સાંભળવા પણ ઓછું મળે છે. પણ કામ, ક્રોધ, લોભ, મોહ અને વાસના બહેકાવે તેવું વધારે જોવા-સાંભળવા મળે છે. તેનાથી સતર્ક સત્સંગીજનો ચેતી જાય છે અને તેવી જગ્યાએથી દૂર ચાલ્યા જાય છે. તેથી તે બધા બચી જાય છે. અને જોયા જેવા એક શ્રીહરિ છે અને સાંભળવા યોગ્ય ભગવાનની કથાવાર્તા-કીર્તન ભક્તિ છે. તેનો આસ્વાદ તે સારી રીતે માણી શકે છે અને ભગવાનનો બેઠો રાજીપો તે બધા પ્રાપ્ત કરી શકે છે.

આંખ-કાન એવા છે કે તેના પર જો અંતઃકરણ નિયંત્રણ ન રાખે તો તે માણસને ભક્તિના માર્ગેથી પાડી દઈને તેનું જીવન બરબાદ કરી નાખે છે. માટે જ સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંપ્રદાયના - વચનામૃત ગ્રંથમાં સારંગપુરના બીજા વચનામૃતમાં ભક્તોને ચેતવણી આપતા આજ્ઞા કરી છે કે, ''નેત્ર ને શ્રોત એ બેને તો વિશેષે કરીને નિયમમાં રાખવા''

સત્સંગમાં ઉત્તરોત્તર જેને પ્રગતિ સાધવી છે તેમણે તો આજે પ્રચાર-પ્રસારના માધ્યમો જેવાં કે દૈનિકપત્રો, ઈન્ટરનેટ, ટી.વી. ચેનલો, બિભત્સ સાહિત્ય, સિનેમા વગેરેથી તો દૂર જ રહેવું જોઈએ. કારણ કે આ માધ્યમોમાંથી સવળું જોવા-સાંભળવાને બદલે માણસો વાસના-હિંસા અને દુન્યવી રાગને પ્રોત્સાહિત કરે તેવું જોવા વધારે લલચાય છે. મન તો માંકડા જેવું છે તેનો ભરોસો કરનારને દુઃખના દા'ડા આવે છે.

શ્રીહરિની આજ્ઞાને મસ્તીકે ચઢાવનાર અને સિધ્ધાંતનિષ્ઠ જીવન જીવનાર તથા સંતોના વચનનો પડ્યો બોલ ઝીલનાર ભક્તો જ આલોકમાં સુખી થાય છે. અને અંતે અક્ષરધામમાં જઈને નિવાસ કરે છે.

- કાન્તાબેન વી. દવે
(ભીમાસર-રાપર)

# ૐ યમદૂતવિમોચકાય નમઃ

શતાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ ! તમે યમદૂતના પાશથી છોડાવનારા છો, કોને છોડાવો છો ? જે તમારું શરણું લે છે. તેને યમદૂતોના મારથી બચાવો છો. બાકી પાપીને તો બરાબર સજા ભોગવાવો છો. હરિનું સ્મરણ કરે તો જ યમદૂતના મારથી બચી શકે.

સત્સંગી થયા પછી કપાળ સાવ કોરું હોય ! તિલક ચાંદલો ન કર્યો હોય, કંઠમાં તુલસીની કંઠી ન હોય તો યમદૂતને એમ થાય કે આ ધણી વગરનો ઢોર રખડે છે. તેને પકડીને યમપુરીમાં લઈ જાય. ન ખાવાનું ખાય, દારૂ પીએ, એકાદશીના અનાજ ખાય, વ્યભિચાર કરે, ચોરી કરે, મા-બાપને દુભવે, સંત-બ્રાહ્મણની આજીવિકા તોડી નાખે, દ્રોહ કરે, વગર વાંકે ગરીબને પજવે, હેરાન કરે, જીવ-જંતુને મારે, એવા મહાપાપ કરે, તેને યમરાજા યમપુરીમાં લઈ જઈને સજા કરે છે. ત્યારે તે કારમી ચીસો પાડે , આક્રંદ કરે છે..... મને બચાવો.... મને બચાવો.... પણ ત્યાં કોણ બચાવે ?

ઘણા માણસો ખોટી અવળાઈ કરે.... વાતની વાતમાં સંતોની અને ભક્તોની નિંદા કરે, નિંદા એની દાઢે ચડી જાય.... ધ્યાન રાખજો, કરેલા કર્મ ભોગવવા પડશે. મોઢામાં સળગતા અંગારા નાખશે ત્યારે ખબર પડશે.

કથા સાંભળે નહીં તો વાંધો નહીં પણ સંત વાંચતા હોય એની નિંદા કરે તો કાનમાં ગરમ સીસું રેડે છે. ત્યારે જીવ પાણી વિના જેમ માછલું તરફડે તેમ તરફડે છે.

:: જમનો માર ખમાતો નથી ::

શોભારામ અને પિતાંબર બે સગા ભાઈ હતા. એક જ માતા-પિતા થકી જન્મ થયો હોય, પણ બધા ભાઈ સરખા ન હોય, શોભારામ ફાવે તેમ બોલ્યા જ કરે, ભાઈ પિતાંબર સંત સમાગમ કરવા જાય, તો એનાથી ઝગડો કરે. સાધુડા પાસે શું કરવા ગયો હતો ! એ સાધુડા તને શું નોકરી આપશે ! એના કરતાં ખેતરમાં ખેતી કરવા આવ્યો હોત તો ! મોટો ભગતડો થઈ ટીલાં ટપકાં કાઢીને રખડે છે, મૂકી દે એ બધું ધતિંગ છે, ના મળ્યું ખાવા તેથી થયા બાવા. એની પાસે જવાથી તને શું મળે છે ? નકામો હેરાન થઈશ, સત્સંગની ખૂબ નિંદા કરે, સંતોની નિંદા કરે, ભક્તોની પણ નિંદા કરે, નિંદા ન કરે તો રોટલો ન ભાવે.

એક દિવસ એને સંતો મળ્યા અને સંતોએ કહ્યું, ભલો થઈને ભજન કર અને નિંદા છોડી દે ! નહિતર યમપુરીમાં જઈને માર ખાઈશ, શોભારામ કહે દીઠી તમારી યમપુરી, એ બધું કાંઈ છે જ નહીં. તમે બધા ભેગા થઈને ધતિંગ ઊભું કર્યું છે. માણસોને ખોટા-ખોટા ડરાવો છો. સંતોએ દૃષ્ટિ કરી મૂકી દીધો યમપુરીમાં. ત્યાં બરાબર જેવો યમદૂતોએ પકડ્યો, ''અરે પાપી ! સત્સંગીઓની નિંદા કરે છે ?'' એમ કહીને ધડાક દઈને પાંચ-દશ ધોકા માર્યા. ઓલ્યો ચીસો પાડે ! મુકી દો ! હવે નહીં કરું ! મુકી દો ! યમદૂતો કહે, મૂકી કેમ દઈએ? બરાબર લાગમાં આવ્યો છે એમ કહી માર મારે.

બરાબર જેવો માર્યો ! બધા સાંધા નરમ કરી નાખ્યા. શરીરમાં કાળી કળતર થાય ! પછી દેહમાં આવ્યો. તરત સંતોના પગ પકડી લીધા. સ્વામીજી ! હું જીવીશ ત્યાં સુધી હાડકાં કળશે. મને એમ હતું કે આ બધું ખોટું છે, હવે નક્કી થયું કે આ જગતની અંદર જે ગુનો કરે છે તેને સરકાર પકડીને મારે છે. તેમ ભગવાનની સરકાર પણ છે. અહીં તો લાંચ-રૂશ્વતથી છૂટી શકાય પણ ત્યાં કાંઈ ચાલી નહીં.

સ્વામીજી ! હવે ક્યારેય કોઈની નિંદા નહી કરું. મને નિયમ-ધર્મની રીત શીખડાવો. ત્યારે સંતોએ

વર્તમાન ધરાવી કંઠી બંધાવી પૂજા આપી અને સત્સંગની રીતભાત શીખડાવી સત્સંગી કર્યો.

યમદૂતોના મારથી બચવાનો એક જ ઉપાય છે. ભગવાનની આજ્ઞાનું પાલન કરી ભગવાનની ભક્તિ કરે. હાલતાં-ચાલતાં પ્રભુના નામનો જપ કરે, ''સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... ઊંચે સાદે ગાય, સાંભળી યમદૂતો તેને દૂરથી લાગે પાય....''

ભગવાન જ યમદૂતોના પાશથી છોડાવનારા છે.

# અર્વાચીન યુવાન

- રમણિક ગોર (ભુજ)

વડીલોના અંતરના અનુભવો આજના વૈજ્ઞાનિક યુવાનોને સમજાતા નથી. તેમની બુધ્ધિમાં હાલની વૈજ્ઞાનિક દૃષ્ટિ હજી એ વાતનો સ્વીકાર કરવા તૈયાર નથી કે ભગવાન છે. તે કહે છે તમો ભલે તેને અનુભૂતિ કહો છો પણ આ બધી માન્યતાઓ છે. માન્યતા ક્યારેય વાસ્તવિક બનતી નથી. પરમશક્તિના અસ્તિત્વની, તેની કાર્યશક્તિ અને રક્ષણની સાબિતી ન મળે ત્યાં સુધી તે વાત વૈજ્ઞાનિક રીતે સિધ્ધ થતી નથી. ત્યાં સુધી તે મનની ભ્રમણા કે માન્યતા જ ગણાય છે. ''આ વિશ્વ એક વિરાટ યાંત્રિક વ્યવસ્થા છે અને તે ગાણિતિક નિયમોનુસાર ચાલે છે.''

વડીલો કહે છે ''દીકરા ! આ પણ તારી એક માન્યતા જ છે. પણ યાદ રાખજે જ્યાં વૈજ્ઞાનિકો પહોંચી શક્તા નથી, ત્યાં જ પરમતત્ત્વની અનુભૂતિની શરૂઆત થાય છે. મન, બુધ્ધિ, અહંકારને પાર કરીને જ્યારે તમને સમજાશે કે આ વિશ્વનું નિયમન સંચાલન કરનાર પરમશક્તિ અને તેનું સ્વરૂપ શું છે. અર્વાચીન યુવાન પોતાના વૈજ્ઞાનિક અભ્યાસમાં આગળ ભણવા જાય છે. પણ મનમાં પરમપિતા પરમાત્માની અનુભૂતિ કરવા પ્રેરાઇ રહ્યો છે. મનમાં રહસ્યને પામવાની ઝંખનાનું બીજ રોપાઇ ગયું.

એક સમયે પ્રયોગશાળામાં રીસર્ચ ચાલુ છે અને ઘટના બને છે. તે ઘટના તે પોતાના વડીલો સમક્ષ રજૂ કરતાં કહે છે. એક દિવસ હું નિકલકાર્બોનેટમાં રહેલી આયર્નની અશુધ્ધિ દૂર કરવા પ્રયોગ કરી રહ્યો હતો. એથી અગાઉ પણ આવા અસંખ્ય પ્રયોગો કરેલા પણ આ વખતનો અનુભવ આખો અલગ વર્ણવ્યો છે. તે કહે છે આ પ્રયોગમાં હું ઘણા પ્રયત્નો કરીને થાકી ગયો પણ સંપૂર્ણ સફળતા મળતી નથી. તેથી અલગ અલગ પાત્રમાં રહેલા કેમીકલ્સનું મિશ્રણ કરીને છેલ્લો પ્રયોગ કરવા જઇ રહ્યો હતો. જ્યાં કેમીકલ્સનું મિશ્રણ તૈયાર કરીને પાત્રમાં ઠલવવા ગયો ત્યાં મારા હાથ સજ્જડ રીતે પાત્ર સાથે જકડાઇ ગયા. હું આશ્ચર્ય પામી ગયો આમ કેમ થયું ? પાત્રને ઊંચે લઇ જવા પ્રયત્ન કરવા લાગ્યો તો નજર સામે આગ જેવું દેખાવા લાગ્યું. ત્યાં આગ નહોતી પણ નજર સામે આગ જેવું ભાસતુ હતું. મનમાં એમ વિચાર્યું કે આ મારી ભ્રમણા જ છે. પણ જે હોય તે. પછી રીસર્ચ કરવાનું માંડી વાળ્યું. અને પ્રયોગ બંધ કરીને તે રસાયણની ચકાસણી કરી તો જણાયું કે આ રસાયણનું મિશ્રણ કરવાથી ખરેખર મોટી આગ લાગે એટલું જલદ રસાયણ હતું અને તે મિશ્રણ થવાથી તરત જ બધુ સળગી ઊઠે તેવાં રસાયણ તેમાં રહેલાં હતાં. અને જો તે ઘટના ઘટી જાય તો તેના નુકસાનની કોઇ કલ્પના જ ન કરી શકાય. બસ બધાં જ કાર્યો છોડીને આખો દિવસ વડીલો દ્વારા કહેલી વાતને યાદ કરીને મને બચાવનાર એ પરમશક્તિના ચિંતનમાં રહ્યો.

ખરેખર ત્યારે એમ લાગ્યું કે હું જે માનતો હતો કે આ વિશ્વ માત્ર યાંત્રિક રચના જ છે તેમ નથી, પણ એની પાછળ કોઇ ચોક્કસ શક્તિ કાર્ય કરી રહી છે તેમ લાગ્યું. આમ આ ઘટનાથી મારા તમામ સંશયો નિવૃતિ પામી ગયા છે. અને વિશ્વમાં પ્રગટ થયેલી શોધો અને પદાર્થો કરતાં અપ્રગટ અપરંપાર છે. માટે ભગવાન શ્રીહરિના ચરણોમાં વંદન સાથે સૌ વાચક મિત્રોને જય શ્રીસ્વામિનારાયણ.

# જીવન જીવવાની જડીબુટ્ટી – શિક્ષાપત્રી

- ભાષ્કર દવે
(મુંબઈ)

શ્રીજી મહારાજે માનવજાતને એક અણમોલ, અપ્રતિમ, અલભ્ય, અદ્વિતીય અને અમર વારસાની ભેટ આપી છે. આમ તો શ્રીજી મહારાજે માનવજાતને ઘણું ઘણું આપ્યું છે પણ અનેક યુગો સુધી જે માનવજાત સાથે રહીને માનવનું કલ્યાણ કરે તે શિક્ષાપત્રી.

સામાન્ય રીતે શિક્ષાપત્રી ઉપરથી લોકોને એમ લાગે કે આ એક સજા ફરમાવતું પત્ર છે. જેમકે ઈન્ડીયન પીનલ કોડ વિ. વિ. પણ ના, શિક્ષાપત્રી એટલે શીખ, શિક્ષણ, સમજ, સહજભાવ અલભ્ય ને સુલભ કરવાની રીતિ-નીતિ. શિક્ષાપત્રી એટલે માનવીને, કુટુંબને, સમાજને, રાજ્યને અને અંતે સમગ્ર વિશ્વને સુયોગ સાધવાની એક અપ્રતિમ યોગધારા છે. કહોને કે ઈશ્વરના દરબાર સુધી મુકી આવવાની એક સુંદર કેડી ભગવાન શ્રી સ્વામિનારાયણના દ્વારે સજીવે દર્શન મેળવવાનો અકલ્પનીય યોગ એ જ ''શિક્ષાપત્રી''.

જેને મહારાજે ''અમારી વાણી એ જ અમારું સ્વરૂપ છે'' એમ સ્વયં કહ્યું છે. શ્રીહરિનું દૂરંદેશીપણું કેટલું હતું કે એ યુગમાં ''સમાજ'' ને સમજાવેલી વાતો, ટેક આજે પણ અક્ષરશઃ લાગુ પડે છે.

આજના કહેવાતા આ પ્રગતિશીલ કાળમાં શું આપણે બોલના, શબ્દોના ભરોસે રહી શકીએ ? અને એ ભરોસો શું યુગાંત છે ? એગ્રીમેન્ટ કર્યા વગર ઘર, જમીન કે વાડી લેવાય ? વેંચાય ? કેટલીય ઘટના બની છે કે જ્યાં પોતાનું જ લોહી પોતાનું કાસળ કાઢતાં અચકાતું નથી ? પોતરાએ દાદીનો જીવ લીધો, દીકરાએ બાપને કોર્ટના દ્વાર દેખાડ્યાં ! આના મૂળમાં શું ? એથી જ શ્રીહરિ કહે છે કે લખત પત્ર કર્યા વગર બાપ-દીકરાએ (પણ) ધન-ધરતીની લેતી દેતી કરવી નહીં. શું કોઈપણ દિવસનું સમાચારપત્ર અધમકૃત્યના સમાચાર વગર પુરું થાય છે ? કોઈપણ દિવસ કે રાત અમાનુષી અને હિચકારા કૃત્ય વગર આથમતા નથી. શું થઈ રહ્યું છે ? બાપ ઊઠીને દીકરી કે બહેનને વેંચી દેતા અચકાતો નથી. ત્યારે અન્ય સંબંધોની શી અપેક્ષા રાખવી ! ક્યાં છે આપણી સામાન્ય સમજ ! અહીં કોઈ મોટી પંડિતાઈ કે મહાજ્ઞાનની જરૂર નથી. જરૂર છે તો શ્રીહરિએ કરેલી આજ્ઞાનું પાલન કરવાની ''કે એકાંત સ્થળે કે એકાંત રસ્તે બહેન-દીકરી સાથે એકલા ન રહેવું કે ન ચાલવું.'' કેટલી અગમચેતી ! પણ આપણે સામાન્ય બુધ્ધિજન આ સામાન્ય, સાદી વાતને પણ જાણી ન શક્યા !

શિક્ષાપત્રી તો અંધારામાં ધોળા-દિવસ જેવું અજવાળું પાથરે છે. હર કોઈ માનવીને સાચા અર્થમાં સુખીયા થવું હોય તો એકમાત્ર ''મેડીસીન'' છે શિક્ષાપત્રી.

આપણા પાસે અઢળક પૈસા છે પણ સાચી અને સારી સ્ક્રીપ્ટ માં **Invest** ન કરીએ તો ! શેરબજારમાં આંધળૂકિયા કર્યાં તો ? બધી જ મૂડી સરી જશે અને અંતે શૂન્ય. ત્યારે ! કાં તો અન્ય લોકો પાસે યાચક બની જાવ ને કાં અકાળે મૃત્યુ ઘંટ સાંભળો.

એથી જ શ્રીહરિ કહે છે, ''આવક જાવકના હિસાબ બરાબર રાખવા'' જરૂર મુજબ બચત કરવી અને પોતાનું નામું પોતે ''રૂડા'' અક્ષરે લખવું. ધ્યાન દો ''રૂડા અક્ષરે'' કેમ ? અરે ભાઈ આ તો આંકડાની રમત છે. એક ''અંકજાળ'' છે. ખોટી જગ્યાએ એક બે મીંડા લાગી ગયા તો ? વળી ગુજરાતીમાં આઠડાને નવ કરતાં ક્યાં વાર લાગે ! ૬ માંથી ૭ પણ થઈ જાય છે. આવા અનેક **Frauds** બેંકમાં થયા છે ને થતા રહેતા હોય છે. જરૂર મુજબની બચત કરવાની આજ્ઞા શા માટે આપી ! ''કપરોકાળ'' ક્યારે આવશે એની કલ્પના કોને છે ! ત્યારે આ ''સંગ્રહ'' બચત જ સહાયરૂપ બની શકે છે. હમણાં-હમણાં એક કાળ મંદીનો આવ્યો ઘણા લોકોએ રોજગાર ગુમાવ્યા. બચત

ન હતી તેથી બેન્કની લોન માટે ટાંચ પણ આવી.... આ વાત ૨૦૦૮-૨૦૦૯ ની છે પણ જો જરૂર મુજબ સંગ્રહ બચત હોત તો ઘરના ઘર તો બચી જાત !

આથી ઉપરની વાત જે માત્ર ને માત્ર શ્રીજી મહારાજ જ કહી શકે, ''વિધવા સ્ત્રી (આજના યુગમાં એકલી રહેતી સ્ત્રી પણ હોય)'' પાસે જો જીવનનિર્વાહ પુરતું જ ધન હોય તો તેમાંથી ધર્મ ને અર્થે પણ એ ધન ન વાપરવું'' કેટલી ગૂઢ વાત ! ધર્મ ધુરંધર ધર્મના સ્થાપક, ધર્મરક્ષક જ આવું કહે ! કેટલી આગમચેતી ! આજના આ કાળમાં સ્ત્રી એકલી હોય, પૈસે ટકે લાચાર હોય ત્યારે આજનો આ ક્રૂર સમાજ એને સુખેથી જીવવા દે ખરો ?

શિક્ષાપત્રી દૈનિક જીવનને તરબતર, સરસ અને પ્રફુલ્લિત રાખે છે. શિયાળાની વહેલી સવારે ઘાસના મેદાનમાં ખુલ્લે પગે ચાલીએ ત્યારે પગના તળીયેથી આંખની કીકી સુધી ઠંડક અનુભવીએ છીએ, કારણ ઘાસ ઉપર જામેલાં 'ઓશબિન્દુ' એના સ્પર્શથી જ શરીર પુલકિત બની જાય છે. આવું જ શિક્ષાપત્રીનું છે. કે જેના સ્પર્શ માત્રથી જીવનું કલ્યાણ થઈ જાય. શ્રીહરિ કહે છે કે જેને વાંચતા ન આવડતું હોય અને વાંચી સંભળાવનાર પણ કોઈ ન હોય એમણે શિક્ષાપત્રીનું પૂજન કરવું, છે ને સરળમાં સરળ કલ્યાણનો માર્ગ. ઓશ બિન્દુથી આંખના નંબર ઉતરતા હોય તો શિક્ષાપત્રીના સ્પર્શથી કલ્યાણ ન સાધી શકાય ?

આપણે આપણા આવા પવિત્ર ગ્રંથોની શોભાયાત્રા કાઢવી જોઈએ. આ શોભાયાત્રામાં ગ્રંથને હાથીની અંબાડી પર બિરાજમાન કરીએ. સંતો, ભક્તો, રાજ-રાજવીઓ બધા જ પગપાળા, આપણાં ગ્રંથો જે આપણા પથદર્શક છે આપણી ધરોહર છે એની શોભાયાત્રા કાઢીએ તો, આપણે આપણા પવિત્ર ધર્મગ્રંથોનું સન્માન કરીએ તો મહારાજ ચોક્કસ આપણી ઉપર રાજી થાય. જોકે આ મારા વ્યક્તિગત વિચાર છે. અને આપણે શિક્ષાપત્રીને હાથીની અંબાડીએ બિરાજમાન કર્યા બરાબર છે ને !

માનુ છું સૌ કોઈ શિક્ષાપત્રીનું પઠન કરતા જ હશો અને કરતા જ રહેવું જોઈએ. આનાથી આપણા અસ્તિત્વને બળ મળે છે. અને અસ્તિત્વ ટકાવવા માટે ''પ્રેકટીસ'' ની જરૂર હોય જ. મહાન ક્રિકેટર સચીન તેંડુલકર ૨૦ વર્ષથી ઈન્ટરનેશનલ ક્રિકેટના શિરમોર પર છે. છતાંય પ્રેકટીસ તો કરે જ છે ને !

આ ઐશ્વરીય અણમોલ ભેટ આપણા જીવનમાં ઉતારવાની નમ્ર વિનંતી છે. કારણ એ દ્વારે જ શ્રીહરિનો મેળાપ થાય તો ? અસ્તુ.

- ધનજી મનજી ભગત
(સામત્રા)

# માણસ સર્વશ્રી શ્રેષ્ઠ છે !?!

વ્હાલા હરિભક્તો, જય શ્રી સ્વામિનારાયણ. આપણે ઘણીવાર કોઈના મુખેથી બોલતા સાંભળ્યું હશે કે અથવા આપણે પણ બોલ્યા હઈશું કે જગતમાં વસતા તમામ જીવોમાં માણસ એ સર્વથી શ્રેષ્ઠ છે. પણ કઈ રીતે ? શા માટે ? શું આ કોઈ પ્રાણી કે પશુ પક્ષી કે જીવ-જંતુના લેવાયેલા ઈન્ટરવ્યુના જવાબ છે કે માનવ શ્રેષ્ઠ છે ! પરંતુ ઈશ્વરે જે કર્યું છે તે સારા માટે કર્યું છે. તેમનો ઉપકાર જ માનવો રહ્યો નહીંતર આ પ્રાણીઓને અને જીવ-જંતુઓને વાચા આપી હોત તો આપણી માનવ જાતની આબરુ બેઆબરુ કરી મૂકી હોત અને તેમાંય જો જરા બુધ્ધિ-શક્તિનો અંશ મુકયો હોત તો માણસને અપશુકનિયાળ બનાવી દેત અને એમના કોઈપણ કામમાં આપણે સામા મળ્યા હોત તો એ કામ પણ બંધ કરી દેત. માટે આપણે આપણી જાતને શ્રેષ્ઠ ગણતા હોઈએ તો આપણી ભૂલ છે.

આપણે એમ પણ વિચારીએ છીએ કે સર્વે પ્રાણીઓમાં આનંદ નામનું તત્ત્વ ફક્ત માણસમાં જ છે અન્યમાં નથી તો એ પણ માન્યતા ખોટી છે. કારણ કે સૃષ્ટિમાં કોઈપણ જીવ એવો નથી કે જેમને તેમનો જીવ વ્હાલો ન હોય. તે માટે તો એ જીવ બચાવવા મથે છે. જીવ તો માણસને વ્હાલો છે છતાં તે આપઘાત કરે છે. પણ કોઈ ''પ્રાણીએ આપઘાત કર્યો'' એવું ક્યાંય વાંચ્યુ કે સાંભળ્યું નથી !

તો કદાચ નીચેની બાબતોથી તો માણસ સર્વથી શ્રેષ્ઠ તો નહીં હોય ને ?!?

❖ સર્વે પ્રાણીઓમાં માણસ શ્રેષ્ઠ છે કારણ કે તે તેમના વૃધ્ધ મા-બાપને વૃધ્ધાશ્રમમાં મોકલી શકે છે. જગતના બીજા કોઈ પ્રાણીઓને આ વિશે કહી શકાય તેવી બુધ્ધિ પ્રાપ્ત થયેલ નથી.

❖ સર્વે પ્રાણીઓમાં માણસ શ્રેષ્ઠ છે કારણકે તે છળ-કપટ ભરી ચાલથી સગા માં-બાપને પણ છેતરી શકે છે. બીજા તમામ પ્રાણીઓમાં આ 'ઉત્તમ' કહી શકાય તેવી બુધ્ધિ નથી. જેથી તેમનાથી આવી છેતરપિંડી થઈ શકતી નથી. 'કીડીને કણ ને હાથીને મણ' ની વાત તો આપણે કરીએ છીએ પણ પેઢીઓ ખાઈ શકે તે માટે આખી જિંદગી દોડાદોડ કરીએ છીએ. જ્યારે પ્રાણીઓ ત્યાં સુધી જ ખાય છે જ્યાં સુધી તે ધરાઈ જાય.

❖ સર્વે પ્રાણીઓમાં માણસ શ્રેષ્ઠ છે કારણ કે તે બધું ખાઈ શકે છે. એક કહેવત છે કે 'ઊંટ મેલે આંકડો ને બકરી મેલે કાંકરો' પણ માણસ તો કાંઈ જ નથી મેલતો. દારૂ, માંસ, અફીણ, ભાંગ, ગાંજો, તમાકુ વગેરે કેફી પદાર્થો તથા ન ખાવાની ચીજોનું સેવન કરી શકે છે. જગતના બીજા પ્રાણીઓમાં આવો નશો કરવાની અને વગર મોતે મોત લેવાની બુધ્ધિ હોતી નથી જે ફક્ત માણસ જ મેળવી શકે છે. તેથી માણસ સર્વથી શ્રેષ્ઠ છે. !?!

❖ માણસ સર્વે પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે કારણકે માણસ સગા ભાઈ-બહેન કે માં-બાપ સાથે અબોલા લઈ શકે છે. વેર-ઝેર તો જગતના તમામ પ્રાણીઓમાં હોય છે. પણ પ્રાણીઓ ઝગડીને થોડીવારમાં સર્વે ભૂલીને ભેગા થાય છે, જ્યારે માણસ સામાન્ય બાબતને ઝગડાનું મોટું સ્વરૂપ આપીને કાયમ અબોલા લઈ લે છે કારણકે માણસ બુધ્ધિશાળી છે. !?!

❖ સર્વે પ્રાણીઓમાં માણસ શ્રેષ્ઠ છે કારણ કે વગર જોયેલી, વગર સાંભળેલી, વગર વિચારેલી વાત સહેલાઈથી કોઈકને કરીને તેમને બદનામ કરી શકે છે. જ્યારે અન્ય જીવોમાં આવી દ્વેષયુક્ત વાતો કરવાની બુધ્ધિ નથી હોતી. તેથી માણસ શ્રેષ્ઠ છે !?!

- સર્વે જીવોમાં માણસ શ્રેષ્ઠ છે કારણ કે તે ગમે તે ભોગે નામના કમાવવા માટે અધમમાં અધમ કૃત્ય કરવા તૈયાર થઈ જાય છે. આજે દરેક સમાજમાં આપણે જોઈએ છીએ, દરેક માણસ પોતાની કીર્તિ કેમ વધે, માન, મોભો કે પ્રતિષ્ઠા કેમ વધે તેની જ ચિંતામાં રહે છે અને એ એટલી હદે કે તેમાંથી માણસ પોતાનો મૂળ સ્વભાવને પણ ભૂલી જાય છે.

❖ સર્વે પ્રાણીઓમાં માણસ શ્રેષ્ઠ છે માણસ ગમે તેટલા કૌભાંડો આચરીને, ભ્રષ્ટાચાર કરીને અઢળક ધન એકઠું કરી શકે છે. તેવી બુધ્ધિ પશુ-પક્ષીમાં નથી. બળદે ખેડૂત પાસે કે ગધેડાએ કુંભાર પાસે કોઈ લાંચની માંગણી ક્યારેય મૂકી છે ? અરે, બે દિવસના ભૂખ્યા હશે તો પણ તેને હાંકવા ઊભું કરશો તો તુરંત તૈયાર થઈ જશે. જ્યારે માણસ પાસે અતિશય સંપત્તિ હોવા છતાં ભગવાનનું ભજન કરવા તૈયાર નથી અને સતત માયામાં ફસાયેલો રહે છે.

આપણે સૌએ વિચારવું રહ્યું કે શું માણસ ખરેખર સૌથી શ્રેષ્ઠ છે !?! ખરેખર તો જે માણસ ધર્મ, નીતિ-નિયમના પથ પર ચાલે તે જ સાચો શ્રેષ્ઠ માણસ કહી શકાય.

# મહિમાનો ખજાનો !! (વીરાનો વીરજહોય ને !)

- રસિક ગોળવિયા
(સુરત)

સૌરાષ્ટ્રમાં ખાંભા અને રાજુલા પંથકને બાબરીયા વાડ નામે સૌ જાણે છે તે પ્રદેશમાં ટીંબી નામે ગામ છે. જે ગામના પાદરથી નીલકંઠવર્ણી મહાપ્રભુ નીકળી તે ધરાને પદરજથી પવિત્ર કરેલ છે. તે જ ગામમાં એક કોળી જ્ઞાતિની વીરા સાંખડ નામની વ્યક્તિ બહારગામથી રહેવા આવેલ. જે પુણ્યશાળી વીરા સાંખડે પોતાના ઘરનાં નળીયાં ઉતારી બીજા ગામના પ્રભુના મંદિર માટે ઉતારી આપેલ. જે વાત આપણા શાસ્ત્રોમાં લખાયેલી છે. તેઓને મહારાજનો એટલો કેફ હતો કે જ્યારે નળિયાં પોતાના ઘર ઉપરથી ઉતારી આપ્યાં ત્યારે સંતોએ ના પાડેલી ત્યારે વીરાભક્તએ કહેલું મારું ઘર ભલે ઉઘાડું રહે પણ મારા પ્રભુનું ઢંકાવું જોઈએ. તેથી સંતો તેના ઉપર બહુ જ રાજી થયેલા. તે વીરો કોળી પ્રભુના પગની મોજડી ભાલપ્રદેશમાં ખડના થુંબડાને વાગેલ તે પ્રભુના પુણ્ય પ્રતાપે સ્પર્શથી. તે થુંબડું જન્મીને વીરા સાખડ થયેલ અને પાકા સત્સંગી થયેલ.

આ વીરા ભક્તને ત્રણ પુત્રો હતા. તેમાંનો વચેટ અમરો નામે હતો. જે ૧૮ વર્ષની યુવાનવયે ગઢપુર સમૈયા ઉપર ગયેલો. તેને સમૈયામાં સંતો જે કાંઈ સેવા બતાવે તે સેવા કરવાનો ભાવ હતો. તેથી ગઢપુર આવી દેવનાં દર્શન કરી મોટેરા સંત સ.ગુ. ગોપાળાનંદ સ્વામીને મળી દર્શન કરી હાથ જોડી યાચના કરી કે હે સ્વામી મને સમૈયામાં કાંઈ મારા સરખી સેવા બતાવો. સ્વામીએ રાજી થઈ તેની સેવાની ભાવના જોઈ કોળી જ્ઞાતિનો હોવાથી સફાઈ સમિતિની સેવા રસોડામાં, કથાસ્થળ ઉપર વગેરે જગ્યાએથી કચરો વીણી લેવો, કાગળ કુચો વીણી લેવાની સેવા સોંપી. છાણ ઉપાડી લેવું, વાસીદું કરવું, સંતોના પાયખાનાં (સંડાસનાં) માટલાં ઉપાડી નાખી આવવાની સેવા હોંશે હોંશે કરી. જેથી સંતો તેના ઉપર બહુ જ રાજી થયેલા.

પંદર દિવસે સમૈયો પૂરો થયો. ગોપાળાનંદ સ્વામી અમરા ઉપર બહુ જ રાજી થયા અને અમરાને હેતથી મળ્યા. છાતીએ ચાંપી ભેટ્યા અને માથા ઉપર બન્ને હાથ મૂકી આશીર્વાદ આપ્યા અને પછી તે અમરા ભક્તને રઘુવીરજી મહારાજ પાસે લઈ ગયા અને મહારાજનો રાજીપો અને આશીર્વાદ અપાવ્યા અને મહારાજશ્રીએ પણ બન્ને હાથ અમરાના માથા ઉપર મૂક્યા. ત્યારે સ્વામીએ રઘુવીરજી મહારાજ સમક્ષ પરિચય આપતાં કહેલું કે બાબરીયાવાડના ટીંબીના કોળી ભક્ત વીરા સાંખડ તેનો આ પુત્ર છે તે વીરાનો વીર જ હોય ને ! અને પાછો અમરો નામ છે. તે અમરો બની ગયો. સ્વામીએ તેમ કહ્યું (સ્વામીને તે વહાલો બની ગયો, અમર બની ગયો)

સર્વોપરી શ્રીહરિના પ્રાણપ્યારા મહામુક્ત ગોપાળાનંદ સ્વામી અને આચાર્ય મહારાજનો રાજીપો અમરા ઉપર એટલા તો ઉતર્યો કે અમરાને મહિમાનો એટલો કેફ ચડ્યો કે હવે આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવું છે, પરણવું નથી અને આ વાળ માથે મોટેરા સંત અને આચાર્ય મહારાજના હાથ પડ્યા છે તે વાળ ક્યારેય કપાવીશ નહીં. હવે હજામ પાસે ક્યારેય આ પ્રસાદીના વાળ કપાવીશ નહીં. કેટલો મહિમા ! સંતોએ તો મહિમાનો અમર ખજાનો અમરાને કહ્યો છે.

આ પ્રસંગ પછી અમરો કોળી જે ૫૦ વર્ષ એટલેકે ૬૮ વર્ષ સત્સંગમાં જીવેલો. બન્ને ટેક બ્રહ્મચર્યવ્રત અને વાળ ન કપાવવા તે ટેક સારધાર રાખી. ભવબ્રહ્માદિકને ભય પમાડનાર કામ અને માન અમરાને ગોપાળાનંદ સ્વામી અને રઘુવીરજી મહારાજના આશીર્વાદના લીધે ક્યારેય જીવનમાં નડી શક્યા નહીં. આવા ભક્ત ઉચ્ચ જ્ઞાતિની આગળ મજુરવર્ગના સહેજ નીચ જ્ઞાતિના હતા પણ સમજણમાં અને માહાત્મ્યમાં સહુથી ચડી જાય તેવા હતા. આવા અમરા સાંખડ જેને મહિમાનો ખજાનો કહેવાય તેને લાખો લાખો પ્રણામ. વાહ અમરા ભગત !

# જનસેવા એજ પ્રભુસેવા

- કૃપા પ્રકાશભાઈ ગોર

ઈશ્વરે આપણને મનુષ્યને અવતાર શા માટે આપ્યો છે ? ઉચ્ચ માનવ અવતાર પામ્યા પછી આપણા આદર્શો ઉચ્ચ હોવા જોઈએ. પરંતુ ઘણા લોકો એવું માને છે કે યેનકેન પ્રકારે પૈસા કમાઈ લેવા અને ખૂબ મોજ-મજા કરવી. આ ખ્યાલ ખોટો છે. પ્રભુ સેવા અને જનસેવા કરવી એ જ આપણા જીવનનો મૂળ મંત્ર હોવો જોઈએ.

દેવોને પણ દુર્લભ એવો માનવદેહ આપીને પ્રભુએ આપણા પર ઉપકાર કર્યો છે તેથી આપણે ઈશ્વરના ઋણી છીએ. ઈશ્વરનું ઋણ ચૂકવવા માટે આપણે મંદિરમાં જઈએ છીએ. ત્યાં જઈ ભગવાનની પૂજા, દર્શન, માળા, પ્રદક્ષિણા, દંડવત્ કરીએ છીએ અને તેને નૈવેદ્ય ધરાવીએ છીએ. ઘણીવાર આપણે આપણા ઘરમાં પણ કથા-વાર્તા અને ધાર્મિકવિધિ કરાવીએ છીએ, આવા ક્રિયાકાંડો પણ પ્રભુભક્તિમાં બળ આપે છે.

પ્રભુએ મનુષ્ય માત્રને એક વિશેષ જવાબદારી સોંપી છે. જરૂરતમંદ મનુષ્યની સેવા કરવી મનુષ્યમાત્રનો પવિત્ર ધર્મ છે. જગતના તમામ ધર્મોનો સૂર એ જ છે, 'જનસેવા એ જ પ્રભુસેવા'. એક માણસે યાત્રા કરવા એકઠા કરી રાખેલા પૈસા તેના પાડોશીના બીમાર દીકરાની સારવાર કરાવવામાં ખર્ચી નાખ્યા. પરિણામે તે યાત્રા કરવા ન જઈ શક્યા. તેમછતાં યાત્રા કર્યા વગર તેને યાત્રાનું પુણ્ય મળ્યું હતું. ગુજરાતના એક જાણીતા સંતે આ જ વાતને ખૂબ સરળ શબ્દોમાં રજૂ કરી છે.

''આ જગતમાં કરવાનાં છે બે કામ,
સેવા તો જનસેવા કરવી, લેવું સ્વામિનારાયણ નામ''

એકનાથજી નામના સંત પદયાત્રીઓ સાથે રામેશ્વર યાત્રા કરવા જતા હતા. રામેશ્વર તીર્થના શિવલિંગ પર અભિષેક કરવા ગંગાજળ ભરેલા ઘડા સાથે લીધા હતા. રસ્તામાં એકનાથજીએ જોયું તો એક ગધેડો તરસે મરી રહ્યો હતો. આથી તેમણે પોતાની પાસેનું બધું ગંગાજળ ગધેડાને પીવડાવી દીધું. બીજા પદયાત્રીઓ તેમની ટીકા કરવા લાગ્યા. ત્યારે તેઓએ કહ્યું, ''પ્રભુના શિરે અભિષેક કરવા માટેના આ ગંગાજળનો આનાથી વધુ સારો ઉપયોગ બીજો ક્યો હોઈ શકે ? એક અબોલ પશુને તરસે મરવા દઈને હું પ્રભુને શિરે ગંગાજળનો અભિષેક કરું તેને પ્રભુ સ્વીકારે ખરા ?''

આ દૃષ્ટાંત પરથી એવું સમજાય છે કે માત્ર જનસેવા જ નહીં પણ જીવમાત્રની સેવા કરવી એ જ સાચી પ્રભુસેવા છે. "Service to humanity is the service to God" અર્થાત્ માનવસેવા એ જ પ્રભુસેવા.

ઘણીવાર કુદરતી આફતો આવી પડે છે. એનાથી અસર પામેલા લોકો માટે રાહતકાર્યો કરી શકીએ. ગરીબ પરિસ્થિતિ હોય છતાં વિદ્યાર્થી હોશિયાર હોય તો પુસ્તકો દ્વારા, ગણવેશની મદદ કરી શકાય. ગરીબ લોકોને ઠંડીથી બચવા ગરમ ધાબળા અને કપડાંની મદદ કરી શકાય.

જનસેવાનો માર્ગ સાવ સરળ નથી. કવિ પ્રીતમે લખ્યું છે. ''હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને !'' જનસેવાના માર્ગમાં ઠેર-ઠેર કાંટા પથરાયેલા હોય છે. આપણે પણ જનસેવા કરતી વખતે લોકનિંદા કે લોકોના વિરોધનો સામનો કરવો પડે. આવી વિપરીત પરિસ્થિતિ વચ્ચે આપણે જનસેવા કરતા રહીએ.

જીવમાત્રના દુઃખ-દર્દો દૂર કરવા નિઃસ્વાર્થભાવે પ્રયત્નો કરીએ તેથી પ્રભુ આપણા પર રાજી થશે. ભલે આપણે મંદિરે જઈએ, ધાર્મિક કાર્યો કરીએ, યાત્રાએ જઈએ, પણ કેવળ જનસેવા ન કરીએ તો પ્રભુ આપણા પર રાજી ન થાય.

# મહા મોંઘા મહોત્સવો

હ. ઘનશ્યામ આર. સાંખલા

*- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-વાપી*

યાદ કરો એ દિવ્ય મહોત્સવને. ઉનાળાની ફાટફાટ થતી ગરમીમાં અંતરમાં ટાઢા શેરડા પાડતા દેવોનાં દર્શન. લાખોની માનવમેદની વચ્ચે ઉભેલા મહારાજશ્રીના દર્શનનો લહાવો. સૂર્યનારાયણ સામે બાથ ભીડતી મંદિરની એ દિવ્ય ચમક. મહોત્સવના હૃદયસમા સાંસ્કૃતિક પ્રદર્શન, યુવામંચ અને બાલમંચ. દેશ-દેશાંતરથી ઊમટી પડેલા સંતો અને ભક્તોએ સેવા સમર્પણ અને ભજનની હેલી વરસાવીને તરબોળ કરી દીધું કે ભુજ શહેરને સંવત ૧૮૭૯ નો એ દિવસ કદાચ યાદ આવ્યો હશે કે જ્યારે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણે સ્વહસ્તે નરનારાયણદેવની સ્થાપના કરી હતી.

હૃદય માનવા તૈયાર નથી કે એ મહામોંઘા મહોત્સવને એક વર્ષ પુરું થયું. જાણે એમ જ થયા કરે કે હજુ કાલ સવારે ઉત્સવનો અલૌકિક લ્હાવો લીધો હતો.

એ પછી પણ ઉત્સવરૂપી એક નવું પુષ્પ રાધાકૃષ્ણદેવની કલગીમાં ઉમેરાઈ ગયું. પોતાના નવા ઘરની શોભાને જોઈને ખુશખુશાલ મુદ્રામાં અલૌકિક દર્શન આપતા દેવો અને ઉનાળાની ઋતુમાં દેવોના ચરણ પખાળીને વહેતો શીતળ ઠંડો પવન ખરેખર અદ્દ્ભુત હતો. સંતોની આયોજનબધ્ધ વ્યવસ્થા અને હરિભક્તોની સેવાએ આ ઉત્સવને ચાર ચાંદ લગાવી દીધા.

શ્રીજી મહારાજે પ્રથમના ત્રીજા વચનામૃતમાં કહ્યું કે આવા ઉત્સવ સમૈયાના દર્શન કર્યા હોય ને અંતકાળે યાદ આવી જાય તો અંતકાળ જરૂર સુધરી જાય ને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય. એટલા માટે તો શ્રીજી મહારાજ વર્ષોવર્ષ અનેક ઉત્સવો ઉજવી ભક્તોને દર્શનનો લ્હાવો આપતા. ભક્તચિંતામણીમાં પણ ઉત્સવ વર્ણનના અનેક પ્રકરણો છે. એટલા માટે તો ભગવાન સ્વામિનારાયણ ઉત્સવપ્રિય ભગવાન કહેવાયા.

બસ એ જ ઉત્સવપ્રિય ભગવાનની પરંપરાને આપણા સંતો જાળવી રાખી વર્ષોવર્ષ ઉત્સવો ઉજવતા રહે છે. જેને લઈને અનેક જીવોનું રૂડું થાય. માત્ર કલ્પના કરો કે આવા ઉત્સવો જ ન હોય તો આપણને આ દેવો, મહારાજશ્રી અને સંતો-ભક્તોના દર્શનનો લાભ ક્યાંથી મળે ?

આપણે આવા મહા મોંઘા મહોત્સવનો લ્હાવો લેતા હોઈએ ત્યારે શ્રીજી મહારાજની ચરણસેવામાં રહેલા પૂ. મહંતસ્વામી અને વાત્સલ્યમૂર્તિ પુરાણી સ્વામી આપણને જોઈને કેટલા રાજી થતા હશે ! બસ ત્યારે એનાથી મોટી બીજી પ્રાપ્તિ કઈ ?

# હે દયાનિધિ ! દયાળુ

- રમીલા જોધાણી
માનકુવા-ભક્તિનગર

અખંડાનંદ સ્વામીનો પ્રસંગ છે. સ્વામી એક વખત ગામમાં પધાર્યા. એકથી બીજે ગામ પધાર્યા. સાથે કોઈ સંત જ નહીં. એકલા ચાલી નીકળ્યા. જંગલમાં પસાર થતા હતા. ત્યાં ચાર વાઘ સામા મળ્યા. એક વાઘ સામો મળે તો શું થાય ? આ તો ચાર વાઘ સ્વામીને સામે મળ્યા. તો પણ અખંડ આનંદ. જોતાંની સાથે ૫૦ ટકા જીવ નીકળી જાય. સ્વામીને થયું કંઈ વાંધો નહીં. ગમે ત્યારે શરીર તો પડવાનું જ ને ! આજે સારું થયું. આ ચાર જીવોને મારા શરીરનો ખોરાક મળશે. મારા તો લોહીના ટીપે ટીપામાં ભગવાનનું ભજન ભર્યું છે. એ બિચારા વાઘનું બીજે જન્મે કલ્યાણ થશે ! સ્વામી તો રાજી થયા.

સ્વામી તો વાઘની સામે ચાલ્યા. પેલા ચાર વાઘ ત્યાં ઘુરકીયાં કરતા હતા. સ્વામી કહે, આ શરીરની સામેથી ભેટ આપવી છે. સ્વામીને ભય નહોતો પણ સ્વામિનારાયણ ભગવાને વિચાર કર્યો કે આવું કેમ ચાલે? મારા સાધુને વાઘ ફાડી ખાય અને હું જોઈ રહું ને સમાજમાં વાતો ચાલે કે સ્વામિનારાયણના સાધુને વાઘે ફાડી ખાધો. અંતર્યામી પરમાત્માએ વાઘના અંતઃકરણમાં પ્રવેશ કર્યો. આ બાજુ અખંડાનંદજી સ્વામિનારાયણ બોલતાં વાઘની બાજુમાં ગયા. વાઘ સ્વામી સામું જોઈ રહ્યા. સ્વામીએ વિચાર કર્યો કે આ હિંસક વાઘે આજે એકાદશી કરી હશે ? કે મારી સામે તરાપ મારતા નથી ! બેઠા છો શું! મારો એક ઝાપટ ! વાઘે સ્વામીજી સામે થાપ ઉગામી. આવા વખતે ગમે તેવા જ્ઞાનીનું જ્ઞાન ન ટકે. જ્યારે વાઘ સામે આવીને પંજો ઊંચો કરે તો ભલભલા ડરી જાય. પણ સ્વામી હસવા માંડ્યા. પણ અરે ! આ શું ! ચારે વાઘો સ્વામીના પગમાં આળોટવા લાગ્યા અને સ્વામીની પ્રદક્ષિણા ફર્યા. પછી ચારે વાઘ જંગલમાં ચાલ્યા ગયા. સ્વામી કહે, આવું તો પહેલું જોયું કે વાઘ પગમાં આળોટે ! આ કેવળ વાઘ ન હતા પણ સાક્ષાત્ ભગવાન હતા. પોતાના સંતની રક્ષા માટે ભગવાને એમાં પ્રવેશ કરેલો.

ફરતાં ફરતાં સ્વામી જ્યારે ગઢપુર આવ્યા ત્યારે પ્રભુએ પૂછ્યું કે કોઈ નવા જુની ! કોઈ કષ્ટ તો નહોતું પડ્યું ને ! પણ મહારાજ અઠવાડિયા પહેલાં મને વનમાં ચાર વાઘ મળ્યા હતા. મહારાજ કહે શું થયું સ્વામી ! સ્વામી કહે મહારાજ ! મને તો કોઈ વાંધો નહોતો પણ વાઘ કોણ જાણે કેમ ઢીલા પડી ગયા. મહારાજ કહે કોઈ મંત્ર જાણતા હશો જેથી વાઘ વશ થઈ જાય ! સ્વામી કહે મહારાજ ! મારી પાસે સ્વામિનારાયણ નામનો એક જ મહામંત્ર છે. બીજો કોઈ મંત્ર નથી. ભગવાને કોઈ કેવો અલૌકિક પરચો પૂર્યો. પરમાત્માનું આ દિવ્ય ઐશ્વર્ય છે. ભગવાન ક્ષણે ક્ષણે પોતાના ભક્તોની, સંતોની રક્ષા કરે છે. બોલો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ.

## ગુણબુધ્ધિ એ જ સત્સંગ વૃધ્ધિનો પાયો

- વસંત કે. પોકાર
(ઘડાણી હાલે ભાલેજ)

બોટાદ ગામમાં ભાઈચંદ નામે નગરશેઠ હતા. તેઓ જૈન જ્ઞાતિમાં આગેવાન હતા. તેઓ જૈન ધર્મના ચુસ્ત ઉપાસક હતા. પરંતુ વ્યાપકાનંદ સ્વામીના સમાગમમાં આવતાં પૂર્વના સદ્‌ભાગ્યે તેમના પુત્ર ભગા દોશીને સહજાનંદ સ્વામીનો નિશ્ચય થઈ જતાં સત્સંગના નિમયો લઈ કંઠી ધારણ કરી. આમ પોતાના પુત્રે સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો તે શેઠને રુચતું ન હતું. એટલું જ નહીં પણ ચુસ્ત જૈન ધર્મી પિતા ભાઈચંદ શેઠે પુત્ર ભગા દોશીને સત્સંગ મુકાવવા અનેક પ્રયત્નો કર્યા. વિરોધી પણ ઊભા કર્યા. પોતાના પુત્રને કહેવા લાગ્યા બેટા ! આપણા જૈન ધર્મમાં શું ઓછું છે જેથી તેં સ્વામિનારાયણ ધર્મ સ્વીકાર્યો ?

ત્યારે ભગા દોશી બોલ્યા, બાપુજી ! એ ધર્મ તો અનાદિનો છે. સતશાસ્ત્રોની મર્યાદા પ્રમાણે ચાલે છે. તે મેં જોઈ વિચારીને જ સત્સંગ ધારણ કર્યો છે. અત્યારે કળિયુગમાં સાચા સગા અને દેહાંતે પણ સાથે રહે તો ભગવાન સ્વામિનારાયણ, તેમના સંતો અને ભક્તજનો છે. હવે તો ગોળ મૂકીને ખોળ ખાવા શીદને જાઉં ?

ભગા દોશી પિતાના એકના એક પુત્ર હતા. ઉંમર પણ નાની હતી. પિતાએ પુત્રનો સત્સંગ મુકાવવા હજારો રૂપિયાનો ખર્ચ કર્યો. મોટા મોટા જૈન સાધુઓને બોલાવીને ભગા દોશીને સમજાવવા લાગ્યા. છતાં ભગા દોશીએ પોતાની ટેક મૂકી નહીં. છેવટમાં ભાવનગરના મહારાજ વજેસિંહ પણ પ્રેમથી સમજાવવા લાગ્યા. તેમજ ધન આપવાના અનેક પ્રલોભનો આપ્યા છતાં

પોતાના નિશ્ચયમાં દઢ રહીને પ્રહલાદની માફક ભગા દોશી એકના બે ન થયા તે ન જ થયા.

જેને પ્રભુભક્તિનો સ્વાદ આવ્યો તેને બીજાં પ્રલોભનો શું કરે ? એક વખત બોટાદ મંદિરમાં શ્રીજી મહારાજ સંતો સાથે પધારેલા. તે વખતે નાના ભગા દોશીએ તેમના પિતાથી છાની રીતે ઘી-સાકર લાવી મહારાજ પાસે મૂક્યાં અને કહ્યું, મહારાજ ! કાલે આપ તથા સંતો મારા ઘી-સાકર જમજો. મહારાજ કહે, ભગા દોશી ! તમારા પિતાને પૂછ્યા વિના તમે ઘરમાંથી આવી રીતે ઘી-સાકર લાવીને દાન કરો તેનું ફળ મળે નહીં. માટે તમે ઘી-સાકર પાછા લઈ જાઓ.

આથી ભગા દોશી નિરાશ થઈને ઘેર ગયા. પિતાની આગળ ઘી-સાકર મૂકીને રડી પડ્યા. શેઠ કહે, બેટા ! તું રડે છે કેમ ? ભગા દોશી કહે, બાપુજી ! હું સ્વામિનારાયણ ભગવાનને આપવા ઘી-સાકર મંદિરમાં લઈ ગયો હતો. તેમણે કહ્યું, તમારા પિતાજીને પૂછ્યા વિના લાવ્યા છો તે અમને ન ખપે તે અમારે ન જોઈએ. આ સાંભળીને ભાઈચંદ શેઠે કહ્યું, ઘણા ગુરુઓ એક પૈસા માટે માથાં ફોડે છે. જ્યારે સ્વામિનારાયણે તો ઘી-સાકર પાછાં મોકલ્યા માટે સ્વામિનારાયણ મહાપુરુષ છે. બીજે દિવસે શેઠ સ્વામિનારાયણ ભગવાન પાસે ગયા. એ મૂર્તિના દર્શન થતાં જ મૂર્તિ રોમે-રોમમાં વસી ગઈ ! હે પ્રભુ ! હવે તમારે શરણે લો ! કાલે તમારે અને સંતોએ મારી રસોઈ લેવી જ પડશે.

પછી મહારાજે રસોઈ કરાવીને પોતે જમ્યા અને સંતોને પ્રેમથી જમાડ્યા. સર્વે સંતો પતરમાં પાણી નાખીને જમ્યા. તે જોઈને ભાઈચંદ શેઠ તો આભા જ બની ગયા ! આ રીતે પછી ભાઈચંદ શેઠને કેવળ ''ઘી-સાકર પ્રસંગ'' થી સત્સંગનો રંગ લાગ્યો ને નિયમ લઈ પાકા અનુયાયી બની ગયા.

જે ભાઈચંદ શેઠ સ્વામિનારાયણ ધર્મનો વિરોધ કરતા-દ્રોહ કરતા તે ભાઈચંદ શેઠ ભગવાન સ્વામિનારાયણ અને સંતોનાં પેલાં ઘી-સાકર પાછાં મોકલ્યાં, એ પ્રસંગથી સત્સંગ પ્રત્યે ગુણ આવતાં એક પાકા અનુયાયી બની ગયા.

આ કેમ બન્યું ! કેવળ ગુણબુધ્ધિની જાદુઈ અસરથી આપણે પણ સત્સંગી તરીકે જીવનમાં ડગલે ને પગલે એવી જ ક્રિયામાં ભળવું કે દરેકને આપણા ઈષ્ટદેવ અને તેમના સંતોને વિષે ગુણબુધ્ધિ ઉત્પન્ન થાય. જે વડે જીવાત્મા બીજના ચંદ્રમાની પેઠે દિવસે-દિવસે વૃધ્ધિને પામતો જાય.

## પ્રાર્થના એટલે શું ???

- કાન્તિ એન. મેપાણી
(સુરજપર)

વાસનામાં બંધનનો ત્રાસ, ઈચ્છાઓની વણઝારોનો ત્રાસ અને અહમ્‌ના ટકરાવનો ત્રાસ જે શબ્દમાં પ્રગટે એનું નામ પ્રાર્થના...

પ્રાર્થના એટલે ઈશ્વર સાથે વાર્તાલાપ કરવાનો વાયરલેસ વ્યવહાર. પ્રાર્થના એટલે ઈશ્વરને પોતાના બનાવવાનો વશીકરણ મંત્ર.

પ્રાર્થના એટલે આધિ-વ્યાધિ-ઉપાધિના ઘેરા વાદળોને વિખેરનાર પવન....

ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે. ફળોમાં જે સ્થાન મીઠાશનું છે અને ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે એવું જ સ્થાન જીવનમાં પ્રાર્થનાનું છે.

બ્રાહ્મમુહૂર્તમાં જાગૃત થઈને રોજ અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવી જોઈએ.

હે ભગવાન .... !

સાગર તમે છો, નાવ મને બનાવજો, આત્મા તમે છો, જીવન મને બનાવજો, સુગંધ તમે છો પુષ્પ મને બનાવજો, દૃષ્ટિ તમે છો નયન મને બનાવજો, શીતળતા તમે છો, ચંદ્ર મને બનાવજો, ઉજાસ તમે

છો, સૂર્ય મને બનાવજો, ભક્તિપ્રેમી તમે છો, નિશાન બને બનાવજો, સ્વપ્ન મારું તમે છો, સાકાર તમે કરજો.

પ્રાર્થના તો શ્રધ્ધાપૂર્વક કરવાની હોય, જેમાં ઈશ્વરના પ્રત્યુત્તરની રાહ ક્યારેય ન જોવી. પ્રભુ મોટા મોટા સામ્રાજ્યોથી જરૂર વાજ આવી જાય, પરંતુ તે ક્યારેય પ્રાર્થનારૂપી પુષ્પથી નથી કંટાળતો. હૃદય પર જો પ્રભુનું આસન હોય અને મન પર પ્રભુનું શાસન હોય તો જીવનને પવિત્ર રાખવામાં કોઈ જ તકલીફ પડતી નથી. કેમ જે જો હૃદય અને મન જો સાચી દિશામાં હોય તો પગને ખોટી દિશામાં વાળવા મુશ્કેલ છે. દુઃખ આવતાં પ્રભુનું સ્મરણ થઈ આવે તે ભગવાનની ભક્તિ નથી. પરંતુ ભગવાનનું સ્મરણ ભુલાઈ થતાં દુઃખ અનુભવાય એ ભગવાનની ભક્તિ છે અને સુખ તો પ્રભુને જ અર્પણ કરી દેવું. કારણ કે એ તેમનું આપેલું છે અને દુઃખ સ્વીકારી લેવું કારણ કે એ આપણી જ ભૂલ છે.... આર્તભાવે ગદ્‌ગદ્ થઈને શ્રધ્ધાપૂર્વકની જો પ્રાર્થના થાય તો પ્રભુ સ્વીકારે જ છે. આખરે તો એ સૃષ્ટિનો પાલનહાર છે. રસ્તા ભલે જુદા-જુદા મંઝિલ દરેકની એક છે, અહીં ઊગી ત્યાં આથમ્યો તેથી શું ! સૂરજ તો એક જ છે. નામ આપો ભલે જુદાં-જુદાં સાગર તો એક જ છે. આ છે ચંપો ને આ છે ચમેલી તેથી શું ! ચમન તો એક જ છે. કહો ઈશ કે પછી સૌના પાલનહાર એક જ છે...

બસ અંતમાં પ્રભુના શ્રીચરણોમાં એટલી જ પ્રાર્થના....

"હે પ્રભુ, તારી નાનકડી બંસી થઈ બજવું છે મારે,
ક્યારે કેવા સૂર છેડવા એ જોવાનું છે તારે....."

# ચાતુર્માસ

- ભારતી એ. પિંડોરીયા

ચાતુર્માસ એટલે ચાર માસનો સમૂહ. અષાઢ સુદ ૧૧ (દેવશયની એકાદશી) થી શરુ કરી કારતક સુદ ૧૧ (પ્રબોધિની એકાદશી) સુધીનો સમયગાળો ચાતુર્માસ ગણાય છે. કારતક સુદ બારસના દિવસે ચાતુર્માસ વ્રતની પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

ચોમાસામાં જઠરાગ્નિ પણ મંદ રહેતો હોય છે. તેથી શારીરિક સમતોલન જાળવવા માટે, આપણાં ઋષિ-મુનિઓએ આ સમયમાં મિતાહારી-સંયમી જીવન જીવવું જોઈએ તેમ કહ્યું છે. તે માટે આ સમયમાં જ અનેક પ્રકારના નાના-મોટા વ્રત અને ઉત્સવોનું આયોજન તેમણે કરી આપેલું છે. પ્રત્યેક ઋતુની પોતાની આગવી તાસીર હોય છે. તેથી ચોમાસામાં ચાર માસ ધર્મ આરાધના માટે ઉત્તમ છે.

ચોમાસાના ચાર માસ દરમ્યાન દેવ પોઢી જાય છે અને મુક્તો પણ તપ કરતા હોય છે. તો પછી ધાર્મિક લોકોએ તો તપ કરવું જ જોઈએ ! માટે ચાતુર્માસનું વ્રત-વિશેષ નિયમો આપણને સૌને લેવા જ જોઈએ. ચાતુર્માસ દરમ્યાન ધારણા, પારણા, ઉપવાસ, એકટાણાં, મિતાહાર, ચોક્કસ વસ્તુઓનો ત્યાગ વગેરે દ્વારા આરોગ્ય જાળવણી સાથે ધર્મોપાસના પણ થતી રહે. આત્માની ઉન્નતિ માટે, અધ્યાત્મ ક્ષેત્રે પ્રગતિ કરવા, અહંકારનો નાશ કરવા, ભગવાનની પ્રસન્નતા માટે ચાતુર્માસમાં વિશેષ નિયમો લેવા જોઈએ.

મહારાજે શિક્ષાપત્રીમાં પણ આજ્ઞા કરી છે કે અમારા ભક્તોએ ચાતુર્માસ દરમ્યાન નિયમ ગ્રહણ કરવું. (૧) ભગવાનની કથા શ્રવણ કરવી. (૨) ગ્રંથોનું વાંચન કરવું. (૩) ભગવાનનું ગુણ કીર્તન કરવું (૪) ભગવાનની મહાપૂજા કરવી. (૫) ભગવાનના મંત્રનો જાપ કરવો. (૬) ભગવાનના સ્તોત્રનો પાઠ કરવો. (૭) ભગવાનને પ્રદક્ષિણા કરવી. (૮) સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. આ નિયમો લઈ શકાય. પરંતુ આપણાં દૈનિક નિયમો ચાતુર્માસ દરમ્યાન છોડવા

નહીં. પરંતુ તે દરેક નિયમની સંખ્યા અને સમય વધારવા જોઈએ. જેને કારણે મન અને ઈન્દ્રિયોને શ્રીહરિ પ્રત્યે વધુ કેન્દ્રિત કરી શકાય. જે શરીરે અશક્ત હોય તેમણે ચાર માસને બદલે એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ અવશ્ય ધારણ કરવો.

ચાતુર્માસના નિયમો ભગવાન તથા સંતો સમક્ષ જ લેવા જોઈએ. જેથી સંતો ભક્તોને તેની ક્ષમતા મુજબ વધારે ઘટાડો કરાવી શકે.

આ ચાતુર્માસ દરમ્યાન બધા નિયમો મહારાજની પ્રસન્નતા મેળવવા માટે આપણે કરીએ છીએ. મહારાજે પણ વર્ણી વેશે ચાર માસ તપ કરીને સૂર્યનારાયણદેવને પ્રસન્ન કર્યા હતા. ધોધમાર વરસતા વરસાદમાં કઠોર તપ તેમણે આપણાં સૌને માટે કરેલું. તો આપણે મહારાજને રાજી કરવા અવશ્ય કોઈ એક નિયમ તો લેવો જ જોઈએ. ભગવાનનો રાજીપો એ જ આપણાં જીવનની મૂડી છે.

## હરિભક્તિનો મહિમા ઓળખો

- પ્રીતિ કે. પોકાર
(ઘડાણી હાલે ભાલેજ)

સર્વ વાચકમિત્રોને જય શ્રી સ્વામિનારાયણ. એક રબારી રસ્તે ચાલ્યો જતો હતો. ત્યાં રસ્તામાંથી તેને એક હીરો 'ચિંતામણી' મળ્યો. આ હીરાને રબારીએ ભેંસની કોરે બાંધ્યો. હવે આ ભેંસ કોઈકે વેંચાતી લઈને હીરાને તો બસ્સો રૂપિયામાં વેંચી નાખ્યો. બસ્સોવાળાએ હજારમાં અને હજારવાળાએ દશ હજારમાં વેંચ્યો. આમ કિંમત વધી અને લાખ રૂપિયા થઈ ! લાખવાળાએ એક શાહુકાર પાસે જઈને કહ્યું, ''ભાઈ આ હીરો તમને જોઈએ છે ?'' ત્યારે શાહુકાર કહે, ''સો મોટલીયા કરીને દિવસ ઉગ્યાથી આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાવ''

આખો ખજાનો લૂંટાવી દીધો. બાપે શાહુકાર દિકરાને કારણ પૂછતાં જણાવ્યું કે, ''મેં એક હીરો લીધો છે'' હીરો બાપે જોઈને કહ્યું, ''તેં તો આ હીરો સાવ મફતમાં જ લીધો છે'' શાહુકારના બાપને હીરાનું જ્ઞાન હતું તેથી હીરાનું મૂલ્ય પારખી લીધું.

આપણે પણ પ્રભુભક્તિના આનંદની કિંમત જાણી શકીએ તો આ પંચવિષયના સુખોમાંથી દ્રષ્ટિ નીકળી અને શ્રીહરિની ભક્તિના સુખ તરફ જાય. મહારાજે પંચાળાના પ્રથમ વચનામૃતમાં લખ્યું છે કે પશુથી મનુષ્યનું સુખ અધિક છે. રાજાનું વળી એથીએ અધિક તેનાથી પણ દેવતાનું અધિક ! મતલબ કે ઈન્દ્રનું, બૃહસ્પતિનું, બ્રહ્માનું, વૈકુંઠ અક્ષરધામનું અધિક સુખ સમાયેલ છે ! આમ, પ્રભુના સુખ આગળ પંચવિષયના સુખો તુચ્છ લાગે છે. આ બાબત મોક્ષ ઈચ્છનાર જરૂર જાણે છે. જેમ ચિંતામણીમાં અતિ મૂલ્ય છે તેવી રીતે પ્રભુની ભક્તિથી જે અક્ષરધામની પ્રાપ્તિ થાય તેનું પણ અતિ મૂલ્ય છે.

આ જાણીને મુમુક્ષુ જીવ પંચવિષયમાંથી પોતાનું મન વાળી અને પ્રભુભક્તિ તરફ મીટ માંડે એ જરૂરી છે. આમ આપણને મહારાજના મહિમાનું ભાન હોય તો આપણે અચૂક મહારાજની આજ્ઞા પાળીએ.

આ પૃથ્વી પર બધું જ મિથ્યા છે. વ્યર્થ છે. કુટુંબ, કબીલા, પરિવાર એ બધું જ માયા જ છે. વળી એ માયા પૂર્વજન્મની લેણાદેણીના કારણે જ થાય છે. જેવા સંબંધ પૂરા થઈ જાય એટલે સૌ પોતાના કર્મ અનુસાર પાછા જન્મ-મરણના ફેરામાં ફસાઈ જાય. પરંતુ પેલા શાહુકારના બાપની જેમ મહારાજનો મહિમા જાણનાર એમની આજ્ઞા જરૂર પાળે.

જયારે જીવ સંકટમાં ફસાય ત્યારે મંદિરમાં ભગવાનની પાસે આલોકના સુખ માગવા જાય છે. જીવ સ્વાર્થી હોવાથી જ રોજ પ્રભુ પાસે કાંઈક પણ માગ્યા કરે. એને ખબર નથી કે એ બધા માયાવી સુખો નાશવંત છે. છતાં એ સુખો માટે ખોટી પ્રાર્થના કરે છે.

અનેક વ્રત, તપ જપ કરીને પણ જીવનની મિથ્યા માયાવાન વસ્તુની માંગણી કરતા માનવ પર શ્રીહરિને હસવું આવે. અનંતકોટિ બ્રહ્માંડના રાજા મહારાજ પ્રસન્ન થાય ત્યારે એમની પાસે જે માંગવાનું છે તે નથી માંગતો. ખરેખર તો જે એકાંતિક ભક્ત હોય. એ કંઈ માગે જ નહીં. આજે સામાન્ય સુખ મેળવવા લોકો ગમે તેવા બંધનમાં ફસાય છે.

તો જે જીવ મહારાજનો મહિમા સમજે. સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરિ સમજે તેને ક્યાંય જઈને માંગવાની કોઈ જરૂર નથી. અન્ન, વસ્ત્ર અને આબરૂ તો મહારાજે પોતાના ભક્ત માટે ગાદી અભિષેક વખતે રામાનંદ સ્વામી પાસે માગી જ લીધા છે.

ખરેખર જે નિષ્કામ ભક્તિ કરે છે તે મોક્ષ પણ માગતો નથી. કારણ કે તે જાણે છે કે મહારાજની આજ્ઞામાં રહી અને ઉપાસના કરશું તો મહારાજ અવશ્ય મોક્ષ આપવાના જ છે.

તો ચાલો ભક્તો, હવેથી આપણે મહારાજની નાનામાં નાની આજ્ઞા પાળીએ અને એ દ્વારા મોક્ષના અધિકારી બનીએ. શ્રીહરિની ઉપાસનાથી અધિકારી બનીએ અક્ષરધામના !

## શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૫૧/- મુકેશ વાલજી વેલાણી - સુખપર ચંદન અને દિલનના શાળા પ્રવેશ નિમિત્તે ભેટ.
૧૦૦/- વિશેષકુમાર ભરતભાઈ પટેલ-સુરત શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૧/- અ.નિ. કરસન લાલજી વરસાણી હ. સુત ધનજીભાઈ-સુખપર ભાગવતકથા પારાયણ નિમિત્તે ભેટ.
૨૫૧/- છબીલભાઈ ડહ્યાભાઈ પટેલ-મોટા જીંજુડા શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- ભરતભાઈ પંડ્યા (ઠાકર મંદિરના પૂજારી) માધાપર સુપુત્ર ચિ. કિશનના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૦૧/- માવજી ઝીણા વાઘાણી-સુખપર નવો બોર બનાવ્યો તે નિમિત્તે ભેટ.
૧૦૧/- માવજી ઝીણા વાઘાણી-સુખપર ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ થતાં ભેટ.
૨૫૦/- વીરજી રત્ના ભુડિયા-ફોટડી હાલે મોમ્બાસા વીરજીભાઈ તેમજ સુપુત્રી ચિ. ભૂમિના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૨૫૦/- દેવજી કાનજી ભુડિયા-ફોટડી હાલે લંડન ચિ. જ્યોતિ તેમજ બિમલના લગ્ન નિમિત્તે ભેટ.
૧૦૦/- બળદેવભાઈ એન. પટેલ (નાના ચીલોડા) - અમદાવાદ શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૧/- વૃષ્ટિ જીજ્ઞેશભાઈ કોઠારી-પુના બહેન દિયાના જન્મદિવસ નિમિત્તે ભેટ.
૧૨૦/- અ.નિ. પ્રેમજી ભીમજી વરસાણી-માધાપર હ. અરજણભાઈ તેમના મોક્ષાર્થે ભેટ.
૨૫૦/- મુરજી નાનજી હીરાણી-ભક્તિનગર શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૧/- અ.નિ. હીરાલાલ જેઠાલાલ ઠક્કર હ. સુપુત્ર નિલેશ પુણ્યતિથિ નિમિત્તે ભેટ.
૧૦૧/- હર્ષિદાબેન વીરજી ખેતાણી-ફોટડી હાલે નાસિક એસ.એસ.સી.માં ૯૨% સાથે પાસ થયા તે નિમિત્તે ભેટ.
૫૦૦/- લખમણ નાથા રાઘવાણી-બળદિયા હાલે લંડન નવી કાર ખરીદી તે નિમિત્તે ભેટ.
૧૦૧/- કલાવંતીબેન પ્રવીણચંદ્ર જેઠી ચારધામની યાત્રા સુખરૂપ પૂર્ણ થઈ તે નિમિત્તે ભેટ.
૫૦૧/- ગ્રેવીનકુમાર જખુભાઈ જીવાભાઈ-ધાણેટી ચિ. ગ્રેવીનકુમારની રજતતુલા પ્રસંગે ભેટ.
૧૦૧/- કેશવજી ઉમરશી સચદે-મુલુન્ડ મુંબઈ નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે ભેટ.
૧૩૦/- અ.નિ. કરસન ભીમજી મનજી કેરાઈ-કોડકી તેમના મોક્ષાર્થે ભેટ.
૧૦૧/- નવીન શિવજીભાઈ પિંડોરીયા-માધાપર શીસલ્સ જવાનું થયું તે નિમિત્તે ભેટ.
૧૧૧/- શીવજી ધનજી માસ્તર-માધાપર પુત્રવધુ અ.નિ. જ્યોતિના મોક્ષાર્થે ભેટ.
૨૦૧/- અ.નિ. મનજી કરસન શીયાણી-ભક્તિનગર શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૧૨૫/- કાનબાઈ લાલજી હીરાણી-ભક્તિનગર ઠાકોરજીને થાળ, સંતોને રસોઈ આપી તે નિમિત્તે ભેટ.
૧૦૧/- ધનજીભાઈ નારાણ ચૌહાણ-ઘડાણી-નડિયાદ પૌત્રી ચિ. વૃંદા એસ.એસ.સી.માં ૯૭.૪૪% સાથે પાસ થતાં ભેટ.

# સંસ્થા સમાચાર

## ભુજ મંદિર તથા કચ્છ સત્સંગની વિવિધ સેવામાં સંતોની વરણી

આપણા ભુજ મંદિરની પરંપરાનુસાર પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આપણા કચ્છ સત્સંગના સંચાલન માટે અલગ-અલગ સંતમંડળને સંચાલન વ્યવસ્થા સોંપવા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગતની અધ્યક્ષતામાં સંતોની જનરલ મીટીંગમાં નીચે મુજબના મંડળધારી સંતોને કચ્છ સત્સંગની સંભાળ માટે અલગ-અલગ સેવા સોંપવામાં આવી છે. તે સેવા નીચે મુજબના સંતો સંભાળે છે.

**ભુજ :-**

<u>સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજીના મંડળને :-</u>

શ્રી નરનારાયણાદિ દેવોની સેવા-પૂજા કરવી.

❖ આફ્રિકા ખંડમાં રહેતા ભક્તોને સત્સંગનો લાભ આપવા માટે આફ્રિકા દેશમાં સત્સંગ વિચરણ.

❖ શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ-માંડવીનું સંચાલન કરવું.

**માંડવી :–**

<u>સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળને :-</u>

માંડવી શ્રી વૃંદાવનવિહારી શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી.

❖ ઓસ્ટ્રેલિયા ખંડમાં રહેતા ભક્તોની સંભાળ માટે સત્સંગ વિચરણ.

**અંજાર :–**

<u>સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળને :-</u>

અંજાર શ્રી ઘનશ્યામ મહારાજની સેવા-પૂજા કરવી.

❖ ગાંધીધામ, સિનુગ્રા, કુંભારીયા, નિંગાળ આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો, પારાયણો ઉજવવી.

❖ લંડન હેરો મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે યુ.કે.ના પ્રવાસે સત્સંગ વિચરણ.

❖ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-નારાણપરનું સંચાલન કરવું.

**સુખપર દેશ :–**

<u>સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીના મંડળને :-</u>

❖ <u>સુખપર દેશમાં</u> આવતા ગામડાઓ - સુખપર, નરનારાયણનગર, મદનપુર, બળદિયા ઉ.વા., બળદિયા ની.વા., કુન્દનપુર, કેરા, કોડકી, ભક્તિનગર, માનકુવા, ફોટડી, મુન્દ્રા, વાંકી, ગેલડા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો ઉત્સવો ઉજવવા.

❖ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપર (વાગડ) નું સંચાલન કરવું.

**રામપર દેશ :–**

<u>સ.ગુ.પુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળને :-</u>

❖ <u>રામપર દેશમાં</u> આવતા ગામડાંઓ - મિરજાપુર, સુરજપર, નારાણપર ઉ.વા., નારાણપર ની.વા., મેઘપર, ગોડપર, દહીંસરા, સરલી, રામપર ન.વા., રામપર જુ.વા., સામત્રા, વેકરા, વાડાસર આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

❖ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લા-મુંબઈનું સંચાલન સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ કરવું.

❖ શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી-રામપરનું સંચાલન કરવું.

**અબડાસા દેશ :–**

સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળને :-

અબડાસા દેશમાં આવતા ગામડાઓ - રવાપર, આમારા, ઘડાણી, નેત્રા, રસલીયા, દયાપર, દોલતપર, અંગીયા સાથે ભારાસર, સુખપર-રોહા આદિ ગામોમાં કથા-વાર્તા, પારાયણો, ઉત્સવો ઉજવવા.

❖ વિલ્સડન લંડન આદિ મંદિરોના પાટોત્સવ ઉજવવા. યુ.કે.માં સત્સંગ વિચરણ.

❖ ભુજ પ્રસાદી મંદિરનું સંચાલન કરવું.

❖ શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવાનું સંચાલન કરવું.

**વાગડ દેશ :–**

સ.ગુ. મહંત સ્વામી પુ. ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીના મંડળને :-

વાગડ દેશમાં આવતા ગામડાઓ - માધાપર, હરિપર હીરાપર, ધાણેટી, દૂધઈ, ઈન્દ્રપ્રસ્થ, ધમડકા, ભચાઉ, નવાગામ, ખારોઈ, મનફરા, ચોબારી, આધોઈ, સરદારનગર, ચીરઈ, નવી ચીરઈ, ભીમાસર, રાપર, નવાપરા, સેલારી, કલ્યાણપર, કંથકોટ, પદમપર, કીડીયાનગર આદિ ગામોમાં કથા-વાર્તા, ઉત્સવો પારાયણો ઉજવવી.

❖ ભારતદેશમાં જ્યાં-જ્યાં કચ્છના સત્સંગીઓ વસે છે ત્યાં સત્સંગ વિચરણ.

❖ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામનું સંચાલન કરવું.

:: ભુજ મંદિરની સ્થાનિક સેવામાં સંતોની વરણી ::

મુખ્ય કોઠારી : સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી.

ઉપકોઠારી : સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામી ધર્મપ્રકાશદાસજી, સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી.

શ્રી નરનારાયણ ભોજનાલય :

સ્વામી દિવ્યસ્વરૂપદાસજી.

પાકશાળા તથા છાશ : સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી નિલકંઠચરણદાસજી, સ્વામી અદ્ભૂતચરણ દાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી.

સંતોનો ભંડાર : સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, સ્વામી જયહરિદાસજી.

શ્રીરામ મંદિર આદિ દેવોના પુજારી :

સ્વામી વાસુદેવપ્રસાદદાસજી.

વાડી તથા ગૌશાળા : સ્વામી જગજીવનદાસજી, સ્વામી હરિસેવકદાસજી, સ્વામી દેવજીવનદાસજી, સ્વામી શ્રીવલ્લભદાસજી, સ્વામી નીલકંઠસ્વરૂપ દાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી.

પાણીની વ્યવસ્થા : સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજી.

સુવર્ણ હિંડોળા : પુજારી સંતોનું મંડળ.

હિંડોળા : સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી શ્રીજીસ્વરૂપદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિય દાસજી, સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપ દાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદ દાસજી, સ્વામી કૃષ્ણવલ્લભ દાસજી, સ્વામી ત્યાગવલ્લભદાસજી, સ્વામી દેવવિહારીદાસજી.

હિંડોળામાં લાઈટની વ્યવસ્થા : સ્વામી નરનારાયણ પ્રસાદ દાસજી, સ્વામી માધવચરણ દાસજી.

- કોઠારી સ્વામીની યાદી પ્રમાણે

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

**:: સંતોનું વિદેશ પ્રસ્થાન ::**

મહંત સ.ગુ. પુરાણી સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે ભુજ મંદિરના સંતોએ વિદેશમાં વસતા હરિભક્તોને દર્શન, કથા-વાર્તા તથા સત્સંગનો લાભ આપવા તા. ૨૧-૬-૨૦૧૧ ના રોજ વિદેશ જવા પ્રયાણ કર્યું.

નીચે જણાવેલ સંતો ભુજથી મુંબઈ-લંડન (યુ.કે.) સિધાવ્યા. (૧) પુ. સ્વામી શ્રીહરિદાસજી (૨) શા. સ્વામી ભક્તિપ્રિયદાસજી (૩) શા. સ્વામી નારાયણપ્રિયદાસજી (૪) શા. સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજી (૫) પુ. સ્વામી દેવસ્વરૂપદાસજી (૬) પુ. સ્વામી સુખનંદનદાસજી.

નીચે જણાવેલ સંતોએ ઈષ્ટઆફ્રિકામાં વસતા હરિભક્તોને સત્સંગનો લાભ આપવા પ્રયાણ કર્યું. (૧) સ્વામી ભગવદ્જીવનદાસજી (૨) શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (૩) પુ. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી (૪) શા. સ્વામી નારાયણમુનિ દાસજી (૫) પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી (૬) પુ. સ્વામી વ્યાસમુનિદાસજી

**:: પંચાહ્ન પારાયણ ::**

તા. ૨૨-૬-૧૧ થી તા. ૨૬-૬-૧૧ સુધીના દિવસોમાં શ્રીમદ્ ભાગવત કથાના પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

કથા પારાયણના યજમાન ગામ સુખપરના અ.નિ. કરસન લાલજી વરસાણી, હ. ધનજીભાઈ કરસન વરસાણી રહ્યા હતા. કથાના વક્તા સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વ્યાસગાદી પર બિરાજમાન થઈ સરળ ભાષામાં શ્રવણકર્તાને આનંદ આપતી શૈલીમાં કથા સંભળાવી, દૃષ્ટાંતો, શાસ્ત્રવચનો તથા કીર્તનોની રજુઆત સાથે કથારસને વિશેષ રસપ્રદ બનાવ્યો.

કથા સાથે પાંચ સંતોએ સંહિતાપાઠ કર્યા.

કથા સમાપ્તિના દિવસે મહંત સ.ગુ.પુ. સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીએ ઉદ્બોધન કરતાં જણાવ્યું કે કથાશ્રવણ મનને શાંતિ આપે છે. ભવાટવીના ફેરામાંથી બચાવી મુક્તિ આપે છે. વૈરાગ્યની ભાવના જગાડી નિષ્કામ બનાવે છે. ગોપીઓની કથા પ્રેમલક્ષણા ભક્તિની પ્રેરક બને છે અને પ્રેમલક્ષણા ભક્તિને જન્માવે છે.

મંદિરના શાસ્ત્રી મહેશભાઈએ યજમાનો દ્વારા ઉત્તરપૂજન તથા કથાના વક્તા સ્વામીનું તથા પોથીપૂજન કરાવ્યું હતું. તે પછી યજમાન પરિવારે આરતી ઉતારવાની ક્રિયા સંપન્ન કરી હતી.

ત્યારપછી પ.પૂ. મહંતસ્વામીને હસ્તે યજમાન પરિવારને પુષ્પમાળા પહેરાવી પહેરામણી ભેટ સાથે આશીર્વાદ આપવામાં આવ્યા હતા. કોઠારી પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ યજમાન પરિવારને કંઠી પહેરાવી, તે પછી કીર્તન, ધૂન તથા પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**:: કથા સપ્તાહ પારાયણ ::**

શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન (લંડન) નો વાર્ષિક પાટોત્સવ અષાઢ સુદ ૧૫ (ગુરુપૂર્ણિમા) ના દિવસે દર વર્ષે ઉજવવામાં આવે છે. આ મહોત્સવના ઉપલક્ષમાં રાખવામાં આવતા કથાપારાયણની સાથોસાથ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે પણ કથાપારાયણનું આયોજન ગોઠવવામાં આવે છે. તદનુસાર ચાલુ વર્ષે સં. ૨૦૬૭, અષાઢ સુદ ૯ શનિવારથી સુદ ૧૫ શુક્રવાર દરમ્યાન કથા સપ્તાહ પારાયણ યોજવામાં આવી.

કથાના દરરોજના યજમાનો નીચે પ્રમાણે રહ્યા હતા. દિવસ-૧ : અ.નિ. ધનબાઈ મનજી હાલાઈ-સુરજપર, દિવસ-૨ : અ.નિ. નારાણ જાદવા ખેતાણી,

ધ.પ.ગં.સ્વ. સુંદરબાઈ નારાણ-સુખપર,
દિવસ-૩ : અ.નિ. દેવજી કુંવરજી વરસાણી, ધ.પ. ગં.સ્વ. ધનબાઈ દેવજી-નારાણપર હ. સુત નારણ દેવજી સહકુટુંબ.
દિવસ-૪ : એક હરિભક્ત.
દિવસ-૫ : પ્રેમબાઈ રામજી વોરા-કેરાવાળા.
દિવસ-૬ : અ.નિ. કરસનભાઈ નાથાભાઈ પિંડોરીયા, અ.નિ. ધનબાઈ કરસન, હ. સુત દેવજી કરસન, ધ.પ. ધનબાઈ, સુપુત્રી લલિતા તથા રમાબેન-દહીંસરા.
દિવસ-૭ : કાન્તિલાલ નાનજી હાલાઈ-કેરા, અ.નિ. લાલજી વિશ્રામ ભુડિયા, ધ.પ.ગં.સ્વ. કાનબાઈ લાલજી-કેરા, કુરજી દેવરાજ વેકરીયા, ધ.પ. શાન્તાબેન કુરજી દેવરાજ-નારાણપર. અ.નિ.સ.ગુ. સ્વામી નિર્ગુણસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં હ. કુરજી દેવરાજ વેકરીયા-નારાણપર. અ.નિ. કાનજી હરજી નાથા-સામત્રા. ધનજી મુરજી ગામી-કેરા, કાન્તાબેન રવજી ગાજપરીયા-બળદિયા.

કથાના વક્તા શા. સ્વામી પરમહંસદાસજીએ વ્યાસગાદી પર બિરાજી દરરોજ સવારના ભાગમાં સ.ગુ. સ્વામી શતાનંદમુનિએ રચેલ ''શિક્ષાપત્રી ભાષ્ય'' ની કથાનું શ્રવણ કરાવ્યું. સ્વામીજીએ શિક્ષાપત્રીના દરેક શ્લોકમાં રહેલી શ્રીજી મહારાજના અંતરની ભાવનાને સાદી ભાષામાં વ્યવહારિક સ્પર્શ આપી હરિભક્તોના અંતરમાં ઉતારી સૌને રાજી કર્યા.

કથાના બીજા વક્તા શા. સ્વામી દેવવિહારીદાસજીએ વ્યાસગાદી પર બિરાજી દરરોજ બપોરના ભાગમાં વ્યાસ ભગવાન રચિત શ્રીમદ્ ભાગવતની રસીલી કથાનું શ્રવણ કરાવ્યું. શ્રીકૃષ્ણ ભગવાનના લીલા પ્રસંગોને ભક્તિભાવ ભરી શૈલીમાં રજુ કરી શ્રોતાઓને કથાનો રસપ્રદ અનુભવ કરાવ્યો.

તા. ૧૫-૭-૧૧ કથા સમાપ્તિના દિવસે મંદિરના શા. મહારાજ રાહુલભાઈએ યજમાનો પાસે ઉત્તરપૂજન તથા પોથીપૂજન સાથે શા. સ્વામીઓનું પૂજન કરાવ્યું. ત્યારપછી યજમાનોએ કથા સમાપ્તિની આરતી ઉતારી હતી.

ત્યારપછી સ.ગુ. સ્વામી ભગવતજીવનદાસજીએ વિદેશમાં યુ.કે.ના શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં ચાલતી સત્સંગ પ્રવૃત્તિઓની ચર્ચા કરતું ઉદ્બોધન કરી શૈક્ષણિક ઉપરાંત શિક્ષણેતર સમાજસેવાની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. કચ્છથી આપણાં હરિભક્તો ધંધા માટે વિદેશ જાય છે ત્યાં સંસ્કાર અને સત્સંગ સાથે લઈ જાય છે, એ વાતની સ્વામીએ ખાસ પ્રશંસા કરી હતી.

ગામ બળદિયા નિવાસી કરસનભાઈએ વિલ્સડન મંદિરના તથા સત્સંગના વિકાસની સને ૧૯૭૧ થી આજ પર્યંતની વિગત સંભળાવી. તેમાં મંદિર માટે વેચાઉ ચર્ચની ખરીદી, ભુજ મંદિરેથી આચાર્ય મહારાજશ્રી સાથે મોકલવામાં આવેલ સહજાનંદ સ્વામીની મૂર્તિ, ભગવાન સ્વામિનારાયણ, નરનારાયણદેવ, હરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનું સ્થાપન, અ.નિ. સ.ગુ. સ્વામી મોરલીમનોહરદાસજી તથા અ.નિ.સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજીએ કરેલ નૂતન મંદિરનું ખાતમુહૂર્ત અને ૨૯-૭-૮૮ ના નવા શિખરબંધ મંદિરમાં દેવોની પ્રાણપ્રતિષ્ઠા વગેરે પ્રસંગો વિસ્તારથી સમજાવ્યા.

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ વિલ્સડન મંદિર તરફથી દર વર્ષે પાટોત્સવ કથાનો લાભ ભુજ શ્રી નરનારાયણદેવ મંદિરને મળતો રહે છે. તેમાં સત્સંગી કાર્યકર્તાઓની ભાવનાને બિરદાવી. વિદેશમાં જઈને સત્સંગને જાળવ્યો છે તે ધન્યવાદને પાત્ર છે એમ જણાવી શ્રીજી મહારાજ રાજી રહે અને શિક્ષાપત્રીનું મહત્ત્વ જણાવી જીવ ભગવાનમાં જોડાયેલો રહે એવી ભાવના વ્યક્ત કરી હતી.

પ.પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ ધામધૂમથી વિલ્સડન મંદિર પાટોત્સવ કથાનો પ્રસંગ ઉજવાયો તેની ખુશી સાથે જણાવ્યું કે વિલ્સડન મંદિર સેવામાં કાયમ ભુજ શ્રી નરનારાયણદેવ મંદિરને પડખે

રહ્યું છે. હાઈસ્કૂલ, નૂતન મંદિર જેવા પ્રસંગોમાં હજાર કે લાખ નહીં પરંતુ કરોડના અંકોમાં સેવા આપી છે. પૂ. મહંત સ્વામીએ સત્સંગમાં એકતા જળવાઈ રહે તે વાત પર ખાસ ભાર મૂક્યો હતો. સંતો વિદેશ વિચરણ કરે છે તેથી નાની વયના છોકરાઓને સંતોના સમાગમનો લાભ મળે છે. વગેરે ચર્ચા સાથે ભગવાન રાજી રહે અને સૌને સુખીયા રાખે તેવા આશીર્વાદ આપ્યા હતા.

**:: નૂતન ધજારોપણ : અષાઢી બીજ ::**

ભુજ શ્રી નરનારાયણદેવ મંદિરે તા. ૩-૬-૧૧, અષાઢી બીજ, કચ્છી નવા વર્ષના રોજ ઠાકોરજીનાં પડખેના શિખરો સહિત દરેક મંદિરના શિખર ઉપર નવી ધજા ચડાવવામાં આવી. સવારે શણગાર આરતી પછી ધજાઓની પૂજનવિધિ કરવામાં આવી. પૂજનવિધિ પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની સાથે યજમાનોને હસ્તે કરાવી હતી. પૂજન પછી યજમાનોએ આરતી ઉતારી હતી.

ધજારોપણના યજમાનો નીચે પ્રમાણે રહ્યા હતા. (૧) ભાવેશભાઈ ઠક્કર-ભુજ (૨) ભચુભાઈ રવજી રાવરીયા-કલ્યાણપર (૩) અમૃતલાલભાઈ ઠક્કર-ભુજ (૪) માદેવાભાઈ ગોવાભાઈ પટેલ-નવાપરા (૫) રતિલાલભાઈ દરજી હ. સુપુત્ર હર્ષદ અને કલ્પેશ-ભુજ (૬) ખુશ જિજ્ઞેશભાઈ ઠક્કર-ભુજ (૭) જીજ્ઞેશભાઈ અમૃતલાલ ઠક્કર (૮) માતુશ્રી કાન્તાબેન નારણભાઈ પટેલ હ. સુપુત્ર ભાવેશ-ભુજ (૯) દક્ષેશ કિશોરભાઈ જેઠી, સુપુત્ર નક્ષત્રના જન્મદિવસ નિમિત્તે-મુન્દ્રા (૧૦) શ્રીમતિ હર્ષાબેન ભૂપેન્દ્રભાઈ ઠક્કર-ભુજ (૧૧)દિલીપભાઈ ઠક્કર-અંજાર (૧૨) કુલદીપભાઈ મહેતા-ભુજ.

ધજાપૂજન પછી શા. સ્વામી પરમહંસદાસજીએ ધજારોપણનો મહિમા સમજાવ્યો હતો. પૂ. મહંતસ્વામીએ વડીલ સંતોએ મળી હવેથી દરેક માસની શુક્લ એકાદશીએ ધજારોપણ કરી ઉત્સવ મનાવવામાં આવશે તેવો નિર્ણય કર્યાની વિગતવાર માહિતી સાથે જાહેરાત કરી હતી.

ત્યારપછી દરેક યજમાનો ધજા સાથે શિખર સુધી જઈ પોતાને હસ્તે ધજારોપણ કર્યું ત્યારે દર્શનકર્તા હરિભક્તોએ જયજયકાર સાથે તાલીઓના તાલે આનંદ વ્યક્ત કર્યો હતો. યુવાન સંતોએ યજમાનોને શિખર સુધી પહોંચવામાં સાથે રહી સંભાળ રાખવામાં સહયોગ આપ્યો હતો.

**:: ધજારોપણ : નિયમની એકાદશી ::**

૧૮૯ વર્ષ પહેલાં શ્રીજી મહારાજે તા. ૧૫-૫-૧૮, સંવત ૧૮૭૯, વૈશાખ શુક્લ ૫, ના રોજ શ્રી નરનારાયણદેવની ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રતિષ્ઠા કરી. આ પ્રસંગે હીરજીભાઈ સુથારે મંદિર ઉપર કળશ અને ગંગારામભાઈ મલ્લે ધજારોપણ કર્યું હતું. ધજારોપણનો મહિમા પ્રાચીન, મધ્યકાલિન સમયથી આજ પર્યંત ધજારોપણ ઉત્સવથી મનાવવામાં આવે છે.

સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદમુનિએ પણ પોતાના 'પુરુષોત્તમપ્રકાશ' શાસ્ત્ર ગ્રંથમાં ધ્વજારોપણ મહત્તાની નોંધ લીધી છે.

ભુજ મંદિરમાં વડીલ સંતોએ નિર્ણય લીધો કે દર માસની શુક્લ એકાદશીએ ઠાકોરજીના બધા મંદિરો ઉપર ધજા ચડાવવી. આવી વડીલ સંતોના નિર્ણયની જાહેરાત પૂ. મહંતસ્વામીએ કરી હતી. તે પ્રમાણે તા. ૧૧-૭-૧૧, સં. ૨૦૬૭, અષાઢ સુદ ૧૧, સોમવારના દિવસે ધજારોપણનો ઉત્સવ ઉજવી ધજારોપણ કરવામાં આવ્યું.

સવારના ઠાકોરજીના શણગાર આરતી પછી શા. સ્વામી પરમહંસદાસજીએ ધજાઓનું પૂજન કરાવ્યું. પૂજનવિધિ પૂ. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી

ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી આદિ સંતો સાથે યજમાન હરિભક્તોએ કર્યું. યજમાનોએ પૂજન પછી આરતી ઉતારી. ધજારોપણના યજમાનો નીચે પ્રમાણે રહ્યા હતા.

(૧) ગોવિંદભાઈ માવજી ગોરસીયા-ભુજ (૨) રમેશભાઈ હરજી વરસાણી, વરસાણી ઈલેકટ્રીક-ભુજ (૩) મહેશભાઈ ગોર-ભુજ, કેશરાભાઈ જાદવા વરસાણી-સુખપર (૪) વાલજીભાઈ રવજી કેરાઈ-રામપર-ભુજ (૫) ઘનશ્યામભાઈ નારાણભાઈ ભગત-નારાણપર (૬) નારણભાઈ ભીમજી પિંડોરીયા હ. સુપુત્ર ભાવેશ-ભુજ (૭) પ્રભુલાલભાઈ પ્રાગજી ઠક્કર-ભુજ (૮) ચમનભાઈ કરસનભાઈ ઉમરાણીયા-ભુજ (૯) ચતુરભાઈ મનજીભાઈ ચૌહાણ-ભુજ (૧૦) શામજીભાઈ ભચાભાઈ આહીર-ચાંદરાણી (૧૧) હીરેનભાઈ રતિલાલભાઈ દરજી-રાપર.

આ પ્રસંગે કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપ દાસજીએ એકાદશીનું તથા ધજારોપણનું માહાત્મ્ય સમજાવ્યું હતું. વિદ્યાર્થી સંતોએ વેદમંત્રોનું ગાન કર્યું હતું.

ત્યારપછી યજમાન હરિભક્તોએ શિખર સુધી ચઢીને પોતાને હાથે ધજારોપણ કર્યું હતું. વિદ્યાર્થી સંતો તેમની મદદમાં રહી સંભાળપૂર્વક ઉપર ચઢાવવામાં સહાયક બન્યા હતા.

ધજારોપણ સમયે શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન-ભુજની બેન્ડપાર્ટીના વિદ્યાર્થીઓએ સંગીતના સૂર સાથે સલામી આપી ત્યારે દર્શનાર્થી હરિભક્તોએ તાલીઓના ગડગડાટ સાથે જયજયકાર ગજાવ્યો હતો.

## :: બાઈઓના મંદિરે ઠાકોરજીનું પૂજન ::

દેવશયની નિયમની એકાદશી તા. ૧૧-૭-૧૧, અષાઢ સુદ ૧૧ સોમવારે સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી ઠાકોરજીનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. પૂજનવિધિમાં બહેનો પૂજનની સરસામગ્રી સાથે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ઉમંગથી પૂજનવિધિમાં સામેલ થયાં હતાં.

'સર્વમંગલ સ્તોત્ર' ના ૧૦૦૦ મંત્ર જાપથી રાખવામાં આવેલ આ ખાસ પૂજનના કાર્યક્રમનો વિધિ સાં.યો. મહંત પૂ. શામબાઈ ફઈએ કરાવ્યો હતો.

પૂજાના દિવ્ય દર્શનનો લાભ લેવા આવેલ બહેનોની સંખ્યા મોટી હોતાં પૂજા ખંડ ચિકાર ભરાઈ ગયો હતો. ઠાકોરજીનાં દિવ્ય ભવ્ય દર્શનથી હ.ભ. બહેનોમાં આનંદ છવાઈ ગયો હતો.

## :: ત્રિરાત્રીય સત્સંગસભા ::

શ્રી નરનારાયણ આદિ દેવોની પ્રસન્નતાર્થે તથા ભુજ મંદિરના વડીલ સંતો અ.નિ. મહંત સ.ગુ.પુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, સ.ગુ. સ્વામી ધર્મકિશોર દાસજી, સ.ગુ.પુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રિયદાસજી, સ.ગુ. પાર્ષદવર્ય કોઠારી શામજી ભગત આદિ વડીલ સંતોની પુણ્યસ્મૃતિમાં સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદન દાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોની આજ્ઞા-આશીર્વાદથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભુજ આયોજિત ત્રિ-રાત્રીય સત્સંગસભા તથા ગુરુપૂજન પર્વ તા. ૧૪,૧૫,૧૬ જુલાઈ-૨૦૧૧ દરમ્યાન ભુજ મંદિરના વિદ્યાર્થી સંતો સ્વામી ભક્તિવેદાંતદાસજીએ નવધા ભક્તિનો મહિમા વર્ણવ્યો. સ્વામી સંતસ્વરૂપદાસજીએ સત્સંગમાં ગુણ-અવગુણ અને ચડતી-પડતીની વાતો દ્વારા મહિમા સમજાવ્યો, સ્વામી શૌનકમુનિદાસજીએ જીવનમાં ગુરુની આવશ્યકતા વિષય ઉપર ગુરુપૂજનનો મહિમા સમજાવ્યો. સ્વામી ગોલોકવિહારીદાસજીએ સત્સંગમાં ભગવાન અને સંતની ઓળખ અને નિષ્ઠાની વાતો કરીને જીવનમાં આગળ વધવાની વાત કરી. સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ ભગવાને આપણને મનુષ્યદેહ આપ્યો તેમાં જે પાત્ર આપણા ભાગે આવ્યું તેને નિષ્ઠાથી ભજવવાની વાત કરી. સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ સત્સંગમાં ગાઢ પ્રીતિની

વાત કરી. સંતો દ્વારા ભક્તિ સત્સંગનો અલભ્ય લાભ મળ્યો તથા સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગતે દર વર્ષે ગુરુપૂર્ણિમાએ આવી સભાનું આયોજન થાય એવી ઈચ્છા વ્યક્ત કરી અંતરના આશીર્વાદ આપ્યા.

આ સભામાં ભુજ ઉપરાંત ચોવીસીના હરિભક્તોએ બહોળી સંખ્યામાં લાભ લીધો. સભાનું સંચાલન સ્વામી પરમહંસદાસજી તથા સ્વામી સંતસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. પ્રસાદની વ્યવસ્થા કોઠારી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામસેવકદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા સ્વામી ધર્મપ્રકાશ દાસજીએ સંભાળી હતી. યુવકમંડળના સભ્યો તથા યુવતીમંડળના બહેનોએ સારો સહયોગ આપ્યો.

તા. ૧૫ ના ગુરુપૂજન પર્વમાં દરેક હરિભક્તોએ ગુરુવર્ય વડીલ સંતોનું ચંદન પુષ્પ દ્વારા પૂજન કરીને ધોતીયાં ઓઢાડવાનો અલભ્ય લાભ લઈ ભાગ્યશાળી બન્યા.

તા. ૧૭ ના રવિવારની સભામાં સ્વામી પરમહંસદાસજીએ પ્રોજેક્ટર દ્વારા "સત્સંગમાં શરમ શાની?" વિષય સમજાવીને યુવાનોને ઉદ્ધવ સંપ્રદાયનું જ્ઞાન આપીને સાચા સત્સંગી થઈ રહેવાની શીખ આપી.

સંગીતકાર વિદ્યાર્થી સંતો સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી ભજનપ્રકાશદાસજી, તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજી તથા ઓક્ટોપેડ ઉપર સ્વામી દેવનંદનદાસજીએ કીર્તનો દ્વારા હરિભક્તોને મંત્રમુગ્ધ કર્યા.

:: મેડીકલ ઉપકરણ એમ.આર.આઈ. અર્પણ ::

ભુજ શ્રી નરનારાયણદેવ મંદિર તરફથી કચ્છના દર્દીઓને કચ્છ બહાર દૂર સુધી જવું ન પડે તે માટે કચ્છી લેવા પટેલ સમાજના એજ્યુકેશન અને મેડીકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેગબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટરને ભેટ આપવામાં આવેલ ચાર કરોડ રૂપીયાની કિંમતના ૧.૫ ટેસ્લા એમ.આર.આઈ. ઉપકરણનું પૂ.સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે તા. ૩-૭-૧૧, અષાઢી બીજના મંગલમય પર્વને દિવસે લોકાર્પણ કરવામાં આવ્યું.

ઉપરોક્ત હોસ્પિટલ ખાતે યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં પૂ. મહંતસ્વામી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતો, મેડીકલ વિશિષ્ટ હસ્તીઓ, મંદિરના હોદ્દેદાર કાર્યકર્તાઓ, સમાજના અગ્રણી એવા લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી, આર. આર. પટેલ, અર્જુનભાઈ દુબાસીયા, ખીમજીભાઈ હરજી હાલાઈ, અરજણભાઈ પિંડોરીયા તથા અન્ય હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

સમાજના પ્રમુખ હરિભાઈ કેશરા હાલાઈના પ્રમુખપદે યોજવામાં આવેલ આ પ્રસંગે પૂ. મહંતસ્વામીએ જણાવ્યું કે કચ્છના દર્દીઓને ગંભીર દર્દોની સારવાર માટે કચ્છ બહાર જવાની પીડા ભોગવવી નહીં પડે. ભુજમાં જ આ મશીન દ્વારા રોગનું નિદાન કરી સારવાર થઈ શકશે.

શ્રી અરજણભાઈ પિંડોરીયાએ હાલમાં ૩૫ દર્દી નિદાન માટે લીસ્ટ પર હોવાનું જણાવ્યું હતું.

શ્રી આર. આર. પટેલે આ ઉપકરણના નિષ્ણાંતો દરરોજ ૧૦ દર્દીઓને તપાસી નિદાન કરશે તેવી માહિતી આપી હતી.

એમ.આર.આઈ. ઉપકરણનું લોકાર્પણ કરતાં અગાઉ દીપપ્રાગટ્ય પછી પૂ. મહંતસ્વામીએ હોસ્પિટલ સંકુલમાં ગણપતિ દાદાનું પૂજન કર્યું હતું. ત્યારપછી મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી અને પૂ. મહંતસ્વામીએ આ મેડિકલ સાધન તકતીનું અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું.

કચ્છના દર્દીને ઉપકરણનો લાભ માત્ર રૂા. ૨૫૦૦/-માં ઘટાડેલા કિફાયત દરે મળશે.

આ પ્રસંગે આર્થિક રીતે પાતળા દર્દીઓને

સેવા માટે દાનનું ઈજન અપાતાં હ.ભ. કે. કે. જેસાણી, કલ્યાણભાઈ રવજી, માવજીભાઈ ધનજી જાદવા (કેનફોર્ડ), ભાણબાઈ લાલજી પોખરાઈ પરિવાર આદિ દાતાઓએ સેવા નોંધાવી હતી.

સાં.યો. મહંત શામબાઈ ફઈ ભુજ તથા કેરા, કુંદનપુર, માંડવી, સુખપર આદિ ગામોનાં સાં.યો. બહેનોએ સેવા નોંધાવી હતી.

કાર્યક્રમ દરમ્યાન પ્રેમજીભાઈ કેશરા રાઘવાણી તથા દેવરાજભાઈ હાલારીયાનું તેમની બહુમૂલ્ય સેવા બદલ સન્માન કરવામાં આવ્યું.

ઉપરાંત વડીલ સંતો સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સ.ગુ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી રામસ્વરૂપ દાસજી, સ.ગુ. સ્વામી હરિબલદાસજી તથા સ.ગુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી આદિ સંતોનું તથા કાર્યકર્તા હરિભક્તો ખીમજીભાઈ હરજી હાલાઈ, મુરજીભાઈ કરસન શીયાણી, અર્જુનભાઈ દુબાસીયા, શામજીભાઈ છાંગા વગેરેનું સન્માન કરવામાં આવ્યું હતું.

કીર્તન, ધુન અને પ્રસાદ ભોજન સાથે કાર્યક્રમ ખુશીભર્યા વાતાવરણમાં સમાપ્ત થયો હતો.

<u>:: ચમક ઝમક ::</u>

❖ ભુજ મંદિરે ચાતુર્માસની કથાનો આરંભ અષાઢ સુદ ૯ થી કરવામાં આવ્યો. વિલ્સડન મંદિરના વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ભુજ મંદિરે પણ કથા પારાયણ ચાલુ હોઈ ચાતુર્માસ કથાનો પ્રારંભ સુદ ૧૧ ના બદલે સુદ ૯ થી કરવામાં આવ્યો. શા. સ્વામી પરમહંસદાસજી, સ.ગુ. સ્વામી શતાનંદમુનિએ રચેલ શિક્ષાપત્રી ભાષ્યની કથા સંભળાવી રહ્યા છે. શા. સ્વામી પત્રીના દરેક શ્લોક પર ભાષ્યને અનુસરતું વિવેચન કરી મનન-ચિંતન કરવા યોગ્ય વિષયોને સરળ રીતે હરિભક્તોના અંતરમાં ઉતારી સૌને ભગવાન સહજાનંદસ્વામીના આજ્ઞા વચનોની આનંદ અનુભૂતિ કરાવી રહ્યા છે.

❖ તા. ૧૫-૭-૧૧ ના અ.નિ.સ.ગુ. સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજીની પુણ્યસ્મૃતિમાં ભુજ મંદિરે સાંજે ૫ થી ૭ ના સમયમાં ધુન, પૂજન, મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો. યજમાન ઘનશ્યામભાઈ ઠક્કર તથા પ્રીતિબેન, પુત્ર જય અને જીતના જન્મદિવસ નિમિત્તે. પ્રેરક : સ.ગુ. સ્વામી જગતપાવનદાસજી તથા સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી.

❖ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પૂ. મહંતસ્વામીની પ્રેરણાથી ભુજનગરમાં સત્સંગસભાઓનું આયોજન કર્યું.

તા. ૧૯-૬-૧૧ના ઘનશ્યામનગર, કૈલાશ ગુફા, સાંજે ૫:૩૦ થી ૬:૩૦, તા. ૧૦-૭-૧૧ ના ભોજક શેરી, સાંજે ૫:૦૦ થી ૬:૩૦, તા. ૧૭-૭-૧૧, મુન્દ્રા રી-લોકેશન સાઈટ, અરિહંતેશ્વર મહાદેવ, સાંજે ૫:૦૦ થી ૬:૩૦.

❖ સાં.યો. બહેનો તથા ભુજના કર્મયોગી બહેનો પુલહાશ્રમની યાત્રા કરી આવ્યાં તે નિમિત્તે સાં.યો. મહંત સામબાઈ ફઈના માર્ગદર્શન હેઠળ બહેનોના મંદિરે ઠાકરથાળી તથા રાસોત્સવનો ઉત્સવ મનાવવામાં આવ્યો.

❖ આષાઢી બીજના દિવસે ઠાકોરજીએ બે અશ્વ જોડેલા રથમાં સવારી કરી. પૂજારી મંડળના સંતોએ રંગબેરંગી ફૂલમાળાઓથી સજાવેલા રથમાં બિરાજમાન ઠાકોરજીનાં દિવ્ય દર્શન કરી હરિભક્તો રાજી થયા.

❖ તા. ૧૭-૭-૧૧, અષાઢ વદ ૨ થી હિંડોળા ઉત્સવનો પ્રારંભ થયો. હિંડોળા ઉત્સવ માટે નિયુક્ત સંતવર્યો હરિભક્તોના સહયોગ સાથે સુવર્ણના હિંડોળા ઉપરાંત વિવિધ હિંડોળા રચી વહાલા પ્રભુજીને હિંડોળે ઝૂલાવે છે, બાઈઓના મંદિરેથી કલાત્મક હિંડોળા બનાવી મોકલી સાં.યો. બહેનો પણ ભગવાનને રાજી કરે છે. હરિભક્તો હિંડોળાના ભવ્યદર્શનની મજા માણે છે.

❖ તા. ૨૨-૬-૨૦૧૧, સંધ્યા આરતી પછી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધુનનું આયોજન કરવામાં

આવ્યું. યજમાન કૌશલ્યાબેન હીરાણી (માધાપર).

:: ઘનશ્યામ બાલ મંડળ : ચાતુર્માસના નિયમો ::

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે દર રવિવારે સવારે મળતી ઘનશ્યામ બાલમંડળની સભાના બાળકોએ દેવશયની એકાદશીના સોમવાર હોવાથી તેની પૂર્વસંધ્યાએ આગળના દિવસે રવિવારની બાળસભામાં ચાતુર્માસના વિશેષ નિયમ લીધા હતા. લેવામાં આવેલા નિયમોમાં દંડવત્ પ્રદક્ષિણા, વગેરેની એકંદર સંખ્યા આ પ્રમાણે થઈ હતી : દંડવત્-૯૩, પ્રદક્ષિણા-૫૦, માળા પ્રદક્ષિણા-૪૦, ઠાકોરજીના દરેક સ્વરૂપ આગળ ૨-૨ માળા-૧, ઠાકોરજીના દરેક સ્વરૂપ આગળ ૬-૬ દંડવત્-૧, બાળચરિત્ર વાંચન-૧. આ વિગત ૧૩ બાળકોએ લીધેલા નિયમોની છે.

આ ઉપરાંત બાળમંડળના દરેક બાળકે મંદિરમાં ક્યાંય કચરો ન કરવો, ક્યાંય કચરો દેખાય તો ઉપાડીને યોગ્ય સ્થળે નાખી દઈને મંદિરને સ્વચ્છ રાખવાનો નિયમ લીધો હતો.

- અહેવાલ : ઓ. વ્યાસ

# સત્સંગ સમાચાર

## અંજાર : મહાપૂજા-કથાપારાયણ તથા મહાઆરતી

:: મહાપૂજા - કથા પારાયણ ::

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અ.નિ. બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપ દાસજીની પ્રસન્નતાર્થે સમસ્ત સંતમંડળના શુભસંકલ્પથી અંજાર ખાતે ચાતુર્માસ આરંભ નિમિત્તે મહાપૂજા તથા શ્રી શિક્ષાપત્રી ભાષ્ય અને શ્રીમદ્ ભાગવત કથાનું તા. ૧૧-૭-૨૦૧૧ થી તા. ૨૨-૮-૨૦૧૧ સુધી સવારે ૭:૦૦ થી ૮:૦૦ અને સાંજે ૬:૧૫ થી ૭:૩૦ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે.

વક્તાપદે શ્રીમદ્ ભાગવત કથાનું પુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી તથા શિક્ષાપત્રીભાષ્યનું પુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી કથાનું રસપાન કરાવે છે. કથાના યજમાન અંજાર સત્સંગ સમાજે કથાનું આયોજન કરેલ છે. આ પ્રસંગે કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ ચર્ચા, નિંદા, કુથલીમાં સમય ન બગાડવા તથા શ્રી શિક્ષાપત્રી ભાષ્ય, શ્રીમદ્ ભાગવત કથામાં જોડાવા પ્રેરણા આપી હતી. અને સર્વ પ્રથમવાર થર્મોકોલ તથા કાગળ પર ચિત્રકામ કરી સંપૂર્ણ મંદિરને અદ્ભૂત રીતે શણગારવામાં આવશે તથા ભવ્યાતીભવ્ય વિવિધ કલાઓથી કંડારેલા ૧૨ હિંડોળાદર્શન આપ સૌ હરિભક્તો સમક્ષ બહેનોના મંદિરે પ્રદર્શિત કરી રહ્યા છીએ. તો આ પવાન પ્રસંગને આપસૌ આપનો પ્રસંગ સમજી સહપરિવાર પધારશો જ એવી અપેક્ષા દર્શાવી હતી. મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, પુ. કો. સ્વામી પ્રભુસ્વરૂપ દાસજીએ સભામાં પ્રવચનો કર્યા હતાં. સભા આયોજન તથા સંચાલન કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ શોભાવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટીમંડળના સદસ્યો લીલાધરભાઈ સોરઠીયા, છોટાલાલભાઈ દૈયા, મણીલાલભાઈ ઠાકરાણી તથા સુરેશભાઈ ઠક્કર, શામજીભાઈ હીરાણી, કેશરાભાઈ સાંખલા, સાં.યો. ત્રિવેણીબેન તથા મહિલા મંડળ, સર્વે હરિભક્તો તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવકમંડળ તથા આસપાસના ગામોના હરિભક્તોએ પોતાનો

અણમોલ કિંમતી સમય આપીને તૈયારીઓમાં જોડાયા હતા.

:: મહાઆરતી ::

અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિરે મહંત સ.ગુ. પુ. ધર્મવલ્લભદાસજી સ્વામીની આજ્ઞાથી તથા કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી અંજાર ખાતે મહાઆરતીનું તા. ૭-૭-૨૦૧૧ ના સાંજે ૭:૦૦ વાગ્યે આયોજન થયું હતું.

યજમાન ગામ ભુજના કોઠારી ખટાઉભાઈની સુપુત્રીઓ ઠક્કર રતનબેન પરસોત્તમભાઈ તથા શેઠીયા સરસ્વતીબેન જેન્તીભાઈ તરફથી હ. ચેતનાબેન નરેશભાઈએ પુલહાશ્રમની યાત્રા નિમિત્તે ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો હતો.

પૂર્ણાહુતિ પ્રસંગે યજમાન પરિવારનું સ્વામી દ્વારા બહુમાન કરાયું હતું. સ.ગુ.પુ. સ્વામી ધર્મવલ્લભદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ. શા. સ્વામી લક્ષ્મણજીવન દાસજી, પુ. કોઠારી સ્વામી પ્રભુસ્વરૂપદાસજીએ સભામાં પ્રવચનો કરી સભાજનોને રાજી કર્યા હતા.

- અહેવાલ : મેહુલ પી. ઠક્કર

## બળદિયા : સત્સંગયાત્રા

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક તથા યુવતીમંડળ બળદિયા ની.વા.ની યજમાન પ.ભ. શ્રી કાનજીભાઈ ખીમજી જેસાણી તથા શ્રી સ્વામિનારાયણ મંદિર (ની.વા.) ના સહયોગથી એક દિવસીય અને બે રાત્રીની સત્સંગ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૫૦ યુવકો તથા ૫૦ યુવતીઓ મળીને કુલ્લ ૧૦૦ ની સંખ્યા રહી હતી.

તા. ૨-૭-૨૦૧૧ ના સાંજે ૬:૩૦ વાગ્યે બળદિયા ની.વા. થી પ્રસ્થાન કર્યું. સૌ પ્રથમ ભુજ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દર્શન કરી, સંતોના આશીર્વાદ લઈ સાંજના ઠાકોરજી જમાડી રાત્રે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

તા. ૩-૭-૨૦૧૧ ના સવારના વિશ્રાંતિ ભુવનમાં સ્નાન કરી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રી નરનારાયણદેવના દર્શન કરી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ જોવા માટે ગયા. ત્યાંથી બપોરે જેતલપુર શ્રી બળદેવજી, રેવતીજી, શ્રી હરિકૃષ્ણ મહારાજના દર્શન કરી બપોરના ઠાકોરજી જમાડી ત્યાંથી વડતાલ તરફ રવાના થયા. સાંજના ૫:૦૦ વાગ્યે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવનાં દર્શન કરી રાત્રે બળદિયા તરફ રવાના થયા.

તા. ૪-૭-૨૦૧૧ના સવારે ૬:૦૦ વાગ્યે બળદિયા પહોંચ્યા. આ રીતે સત્સંગયાત્રા પૂર્ણ થઈ.

અહે. : કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક તથા યુવતી મંડળ

## શ્રીહરિ વિદ્યા મંદિર-રામપર-ગંગાજી ગુરુપૂર્ણિમા તથા વક્તૃત્વ સ્પર્ધા

સં. ૨૦૬૭, અષાઢ સુદ ૧૫, દિનાંક ૧૫-૭-૨૦૧૧ના રોજ શ્રીહરિ તપોવન ગુરુકુલના શ્રીહરિ વિદ્યા મંદિરના આંગણે ગુરુપૂજન કાર્યક્રમ પ્રસન્નતાથી સંપન્ન થયો.

આ પ્રસંગને સ્નેહ અને આશીર્વાદથી ભીંજવવા સ.ગુ.પુ. સ્વામી શાંતિપ્રિયદાસજી, સ.ગુ.પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજી, પુ. સ્વામી કેશવપ્રિયદાસજી, સંસ્થાના સંચાલક શા. સ્વામી દેવચરણદાસજી, પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી તેમજ સંતમંડળના અન્ય સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશેષરૂપે પ.ભ. શ્રી મનજીભાઈ જાદવા ભુડિયા (વાડાસર) પ.ભ. શ્રી વિનોદભાઈ વરસાણી, પ.ભ. શ્રી પોપટભાઈ નરસિંહ ખુથીયા, શિક્ષણ સમિતિ તથા ટ્રસ્ટીમંડળના સભ્યો તથા ગુરુકુલના શુભેચ્છક હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ગુરુમહિમાનું ગીત, સ્વામી સત્યજીવન દાસજીને હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન, વિદ્યાર્થીઓ દ્વારા સંતોનું પૂજન, પધારેલ મહેમાનોનું સ્વાગત અને શ્રીહરિમંદિરના ત્રણે વિભાગના

વિદ્યાર્થીઓ દ્વારા'ગુરુભક્તિ એકલવ્ય'ના રૂપકની રજુઆત વગેરે કાર્યક્રમો સાથે ગુરુભક્તિની ભાવનાની અભિવ્યક્તિ રજુ થઈ.

૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનું એસ.એસ.સી. તથા એચ.એસ.સી. નું બોર્ડમાં શાળાનું પરિણામ ૧૦૦% આવતાં શિક્ષકો તથા ગૃહપતિશ્રીને પૂ. સંતોને હસ્તે પ્રતિક ભેટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. તેમજ પ્રસાદ ભોજનના દાતા પ.ભ. મનજીભાઈ જાદવા ભુડિયા, પ.ભ. વીરજીભાઈ શિવજી વાઘજીયાણી હ. સુપુત્ર પ્રિતેશનું સન્માન કરવામાં આવ્યું.

સ.ગુ.પુ. સ્વામી વિશ્વવલ્લભદાસજીએ સૌને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં માધ્યમિક, ઉ.મા. તથા પ્રાથમિક વિભાગના આચાર્યશ્રીઓ, ગૃહપતિશ્રી તથા શિક્ષકમિત્રોના સહયોગ સાથે સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિયામક શ્રી નયનભાઈ ચાવડાએ કર્યું હતું.

- અહેવાલ : નયન હ. ચાવડા (નિયામકશ્રી)

:: <u>વક્તૃત્વ સ્પર્ધા</u> ::

તા. ૯-૭-૧૧, શનિવારે પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. ત્રણે વિભાગમાં વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને અંતે નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રથમ ત્રણ ક્રમે આવ્યા હતા.

<u>છત્રપતિ શિવાજી ગણ :</u> (ધો. ૫,૬,૭, વિષય : વર્ષાઋતુ) : પ્રથમ : નાકરાણી નિખિલ વસંતભાઈ (ધો. ૭), દ્વિતીય : છાંગા રમેશ વાગજીભાઈ (ધો. ૬), તૃતિય : બવા સાગર બધાભાઈ (ધો. ૭).

<u>સહજાનંદ સ્વામી ગણ :</u> (ધો. ૮-૯, વિષય : વર્ષાની પ્રથમ હેલી) : પ્રથમ : નાકરાણી જતીન ભવાનભાઈ (ધો. ૯), દ્વિતીય : ડાંગર કિરણ ગગુભાઈ (ધો. ૯), તૃતીય : જાડેજા મહાવીરસિંહ એન. (ધો. ૮).

<u>બ્રહ્માનંદ સ્વામી ગણ :</u> (ધો. ૧૦,૧૧, ૧૨, વિષય : વર્ષાની એક સુંદર સાંજ) : પ્રથમ : જોષી અભિષેક રમણિકલાલ (ધો. ૧૨), દ્વિતીય : વરોત્રા રમેશ વેલજીભાઈ (ધો. ૧૨) તૃતીય : બરારીયા કેતન ખીમજી (ધો. ૧૦). સ્પર્ધા માટે વિદ્યાર્થીઓને તાલીમબધ્ધ તૈયારી કરાવવામાં નિયામકશ્રી નયનભાઈ ચાવડાના માર્ગદર્શન સાથે પ્ર.વિ.ના આચાર્ય શ્રી એન. એમ. પોકાર તથા માધ્ય., ઉ.મા.ના આચાર્યશ્રી ડી.પી. જાડેજા સહયોગમાં રહ્યા હતા. ગુરુકુલના સંચાલક શા. સ્વામી દેવચરણ દાસજીએ કાર્યક્રમ બદલ પ્રસન્નતા વ્યક્ત કરી બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા.

અહેવાલ : અમરત બી. પટેલ (શિક્ષક)

## દોલતપર : પ્રશિક્ષણ શિબિર

શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ અબડાસા વિસ્તારના ગામોની બાલિકા મંડળ તથા મહિલા મંડળની એક દિવસની પ્રશિક્ષણ સત્સંગ શિબિર પૂ. સાં.યો. બહેનોના માર્ગદર્શન હેઠળ તા. ૧૧-૬-૨૦૧૧ ના યોજવામાં આવી હતી. સાં.યો. વાલબાઈ તથા દેવબાઈએ દીપ પ્રાગટ્ય કર્યા પછી ગામ દોલતપરની બાલિકાઓએ શ્રીહરિની પ્રાર્થના તથા ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું.

ત્યારપછી દરેક ગામની બાલિકાઓએ તથા મહિલાઓએ વચનામૃત, શિક્ષાપત્રીના શ્લોક, કીર્તન, જનમંગલ નામાવલિ સ.ગુ. સંતોની વાર્તાઓ વગેરે રજુ કર્યા હતા.

ભોજનપ્રસાદ અને વિરામ પછી બીજા સત્રનો કાર્યક્રમ નીચે પ્રમાણે રજુ થયો.

- અંગીયાના કમળાબહેને કંઠસ્થ વચનામૃતોનું શ્રવણ કરાવ્યું.
- રવાપરના મહિલા મંડળ અને બાલિકા મંડળે કંઠસ્થ હનુમાન ચાલીસા અને કીર્તનોનું ગાન કર્યું.
- ગડાણીના બહેનોએ બજરંગબલીનો ગરબો નૃત્ય સાથે રજુ કર્યો. અને પ્રેમબાઈએ બધાને આશીર્વાદ આપ્યા.
- દયાપર ગામનાં બહેનોએ વચનમૃતનાં અમૃતવચનો ઉપર પ્રશ્નોત્તર કરી ભગવાનનાં ચરણોમાં અંકિત સોળ ચિહ્નોનો મહિમા સમજાવ્યો. પ્રીતિ બહેને સરદાર પટેલ, સત્સંગ અને દેશભક્તિ વિષે પોતાના વિચારો દર્શાવ્યા.
- નેત્રા ગામનાં બહેનોએ વચનામૃત તથા કીર્તન કંઠસ્થ રજુ કર્યા.
- દોલતપરનાં પૂજાબેન વસંતે બજારુ ખાનપાનનો ત્યાગ

શામાટે કરવો, તેના ખાનપાનથી શરીર તથા મનબુધ્ધિ પર થતી દૂષિત અસરની સમજ આપી. મીના બહેને જન્મપૂર્વના સંસ્કાર વિશે ચર્ચા કરી.

- આમારા ગામના સાં.યો. કમળાબહેને હાસ્યરસ પીરસી સૌનું મનોરંજન કર્યું હતું અને ગામની બહેનોએ 'દીકરીને કુસંગમાં ન આપવી' રૂપક રજુ કર્યું હતું. હીના બહેને સત્સંગનો મહિમા સમજાવ્યો હતો.

- છેવટના કાર્યક્રમમાં સાંખ્યયોગી તથા કર્મયોગી બહેનોએ ભેગા મળી પંચાળાનો રાસ રમી સૌને રાજી કર્યા.

શિબિરનું સંચાલન દોલતપરના સાં.યો. અમૃતબહેને સંભાળ્યું હતું. મધ્યાહ્ન ભોજનની સેવા દોલતપર નિવાસી રામબાઈ નારણ સાંખલાએ કરી હતી. તેમનું પુષ્પમાળા પહેરાવી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

શિબિરમાં ભાગ લેનાર દરેકને હસમુખભાઈ તથા ગોવિંદભાઈએ બોલપેન ભેટ આપી હતી. સાં.યો. વાલબાઈએ કંઠી પહેરાવી આશીર્વાદ આપ્યા હતા. અ.નિ. પાર્વતીબેન વાલજીના મોક્ષાર્થે સર્વે હરિભક્તોને ફળનો પ્રસાદ અને શરબતનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

સત્સંગ શિબિરમાં ભુજથી પધારેલ કચ્છના સાં.યો. બહેનોના મહંત શામબાઈ ફઈના શિષ્યા મીનાબહેને કીર્તનો સાથે સુમધુર સંગીત સૂર આપી, આશીર્વાદ આપી ઉદ્બોધન કરતાં વર્ષો વર્ષ આવી શિબિરનું આયોજન કરવા જણાવ્યું હતું.

શ્રી નરનારાયણદેવના જયધ્વનિ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

- અહેવાલ : વાલજીભાઈ હરજીભાઈ ચૌહાણ

## નારાણપર (ની.વા.) : ક્વીઝ કોમ્પીટીશન

તા. ૧૧-૭-૧૧ના રોજ શનિવારે શ્રી સ્વામિનારાયણ બાઈઓના મંદિર ની.વા. ખાતે ઘનશ્યામ બાલિકા મંડળની ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલું. સાંજે ૫:૦૦ વાગ્યે 'કરીએ સતવાર નમન' પ્રાર્થનાની સાથે સ્પર્ધાની શરૂઆત થઈ. ત્યારબાદ સમૂહ કીર્તન ગાન થયું અને પછી ક્વીઝ કોમ્પીટીશન.

ચાર રાઉન્ડમાં આ સ્પર્ધા રમાઈ. જેમાં બાલિકા મંડળની બાલિકાના છ ગ્રુપ કરવામાં આવેલ. દરેક ગ્રુપે બહુ સરસ રીતે સ્પર્ધા કરી અને અંતે ઘનશ્યામ ગ્રુપે વિજય મેળવ્યો. અંતે બધા જ બાળકોને પ્રોત્સાહનરૂપે એક નોટ, પેન અને કંઠી આપવામાં આવી. મહીલા મંડળ તથા સર્વે સાં.યો. બાઈઓ બાળકોને પ્રોત્સાહિત કર્યા. ત્યારબાદ સાં.યો. વાલબાઈએ અને સાં.યો. લીરબાઈએ આશીર્વચન આપ્યાં. સમગ્ર સ્પર્ધાનું સંચાલન દક્ષાબેન હાલાઈએ કર્યું. અંતે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી અને સંધ્યા આરંભ કરી સૌ છુટા પડ્યા.

- અહેવાલ : દક્ષા ડી. હાલાઈ

## નારાણપર (ની.વા.): શિબિર

તા. ૩-૭-૧૧ ના રવિવારના રોજ લેવા પટેલ સમાજવાડી નારાણપર (ની.વા.) ખાતે ઘનશ્યામ બાલ મંડળ અને બાલિકા મંડળની શિબિર યોજાઈ. જેમાં બાળકોઓ ઉત્સાહભેર ભાગ લીધો. સવારે ૯:૦૦ વાગ્યે દીપપ્રાગટ્ય કરી શિબિરની શરૂઆત થઈ. ત્યારબાદ પ્રાર્થના, વડીલોનું સન્માન, કીર્તન રમઝટ ચાલી.

ત્યારબાદ ભગવાનના લીલા ચરિત્રો, ચિહ્ન, વચનામૃત વગેરેની બાળકોએ રજુઆત કરી. ત્યારબાદ '૧ મિનિટ ગેમ' રમ્યા. જેમાં મહામંત્ર લેખન, લીલા ચરિત્રો, સ્વામીના નામ, છ ધામ, ચિહ્ન, આલેખો, ભૂલ સુધારો, રસ્તો શોધો, પ્રશ્નોના જવાબ લખો... વગેરે જેવી ૧ મિનિટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો. એમની સાથે-સાથે સૌ મ્યુઝિક ચેર રમ્યા. ગ્રુપમાં અંત્યાક્ષરી રમ્યા તેમજ સમુહ અંતાક્ષરી પણ રમ્યા અને બપોરના ભગવાનના પ્રસાદરૂપી ભોજન લીધું.

બાળકોને ઉત્સાહિત કરવા માટે સર્વે સાં.યો. બાઈઓએ હાજરી આપી હતી. સર્વે હરિભક્તોએ પણ સારો એવો સાથ-સહકાર આપ્યો હતો. અંતે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે મોટાં બાઈ સાં.યો. લીરબાઈના હસ્તે બધા જ બાળકોને ઈનામ આપવામાં આવ્યું હતું. ઈનામમાં બાળકોને એક નોટ-પેન અને દરેકને રૂા. ૧૦/- આપવામાં આવ્યા હતા અને સાથે પ્રસાદરૂપી પેંડા આપવામાં આવ્યા હતા.

શિબિરનું આયોજન ઘનશ્યામ બાલમંડળના સંચાલન શ્રી હરીશભાઈએ કરેલ હતું અને તેનું સંચાલન

દક્ષાબેન હાલાઈએ કર્યું હતું. જશુબેન, પ્રેમીલાબેન આદિકે સારો સાથ-સહકાર આપ્યો હતો. અંતે બન્ને સ્વામિનારાયણ મંદિરમાં દર્શન કરી સૌ છૂટા પડ્યા.

- અહેવાલ : ઘનશ્યામ બાલમંડળ

## માંડવી : રથયાત્રા મહોત્સવ

માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિર મધ્યે તા. ૩-૭-૨૦૧૧, રવિવાર, અષાઢી બીજ, કચ્છી નવા વર્ષે રથયાત્રા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે સાંજના હરિભક્તો દ્વારા મહામંત્રની ધુન બાદ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. સૌએ સાથે મળી ઠાકોરજીની આરતી ઉતારતાં નયનરમ્ય દૃશ્ય સર્જાયું હતું.

આજના દિવસના ઠાકોરજીના થાળ, રસોઈ, ઠાકોરજીના વાઘાં, ગાયોને ચારો, મહાઆરતી તથા મહાપ્રસાદના યજમાન નાગલપર (માંડવી) ના પ.ભ. શ્રી રત્નાભાઈ પ્રેમજી પિંડોરીયા, સુપુત્ર રમેશભાઈ આદિ પરિવાર રહ્યા હતા.

આ દિવ્ય પ્રસંગે માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતમંડળે સૌને રૂડા આશીર્વાદ પાઠવી રથયાત્રાનો મહિમા સમજાવ્યો. સભા સંચાલન શા. સ્વામી સૂર્યપ્રકાશદાસજી, કોઠારી સ્વામી પરમેશ્વરસ્વરૂપ દાસજી, સ્વામી પરબ્રહ્મદાસજીએ વ્યવસ્થા સંભાળી હતી.


- અહેવાલ : કો. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

## કેરા : પંચાહ્ન પારાયણ

કેરા મધ્યે તા. ૧૩-૭-૨૦૧૧ થી તા. ૧૭-૭-૨૦૧૧ સુધી પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું. જેના યજમાનપદે પ.ભ. શ્રી કુંવરજીભાઈ ગોપાલ હાલાઈ તથા તેમનો પરિવાર રહ્યો હતો. આ પ્રસંગે સ્વામી મુકુંદજીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા. પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કથાના વક્તાપદને શોભાવ્યું હતું અને શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનું મધુરવાણીમાં પાન કરાવ્યું હતું.

કથાના ત્રીજા દિવસે રાત્રે યજમાનશ્રીના સુપુત્ર તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવ્યો. ચોથા દિવસે ભુજ મંદિરેથી પૂ. સંતોએ પધારીને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા. પાંચમા દિવસે કથાની પૂર્ણાહુતિ બાદ આભારવિધિ કરી યજમાન પરિવાર તરફથી પ્રસાદરૂપી ભોજન સૌ ભક્તજનોને પીરસવામાં આવ્યું.

- અહેવાલ : શી. ના. ભુવા (કેરા)



# વિદેશ સમાચાર


## બોલ્ટન : જાહેરસભા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-બોલ્ટન (શ્રી કચ્છ-ભુજ નરનારાયણદેવ મંદિરની નીચેનું) મધ્યે દર વર્ષની જેમા નવી કમીટીની ચુંટણી-જાહેરસભા તા. ૯-૭-૨૦૧૧, શનિવારના કરવામાં આવેલ. તેમાં નીચે જણાવ્યા પ્રમાણે કાર્યવાહક કમીટીની રચના કરવામાં આવી હતી.

પ્રમુખ : મનજીભાઈ ગાંગજી હાલાઈ-કુંદનપુર, ઉપપ્રમુખ : પ્રકાશભાઈ શીવજી હાલાઈ-દહીંસરા, મંત્રી : વાલજીભાઈ ગાંગજી હાલાઈ-કુંદનપર, સહમંત્રી : પ્રવીણભાઈ શામજી વરસાણી-માધાપર, ખજાનચી : પ્રવીણભાઈ માવજી પિંડોરીયા-દહીંસરા, સહખજાનચી : કરસનભાઈ નાનજી હાલારીયા-કેરા સલાહકાર સભ્યો : ખીમજીભાઈ ગોવિંદ વરસાણી-ભારાસર, મનજીભાઈ કુંવરજી રાઘવાણી-બળદિયા, નારણભાઈ શામજી હાલાઈ-દહીંસરા, કરસનભાઈ રામજી કાબરીયા-ગોડપર, ખીમજીભાઈ વિશ્રામ પિંડોરીયા-માધાપર

- અહેવા. : મનજીભાઈ ગાંગજી હાલાઈ (પ્રમુખ)


# હિંડોળા દર્શન




કલાત્મક હિંડોળો - ભુજ



સુવર્ણ હિંડોળો - ભુજ



કલાત્મક હિંડોળો - અંજાર



કલાત્મક હિંડોળો - માંડવી



કલાત્મક હિંડોળો - મુંબઈ વિશ્રાંતિ ભવન



ઈન્દોર સત્સંગી હ.ભક્તોની સભાને મહંત સ્વામીનું સંબોધન



ઈન્દોર શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ સત્સંગ ભવનનું
ભૂમિપૂજન કરતા મહંત સ્વામી આદિ સંતો



ભુજ નગરના હરિભક્તો ગુરુપૂર્ણિમાની રાત્રે
મંદિરના સંતોનું પૂજન કરી રહ્યા છે.



ભુજ મંદિરના વિદ્યાર્થી સંતોએ ગુરુપૂર્ણિમાએ ગુરુજીનું પૂજન કર્યું.



નિયમની એકાદશીએ મહંત સ્વામી દ્વારા ધજાઓનું પુજન - ભુજ



ગુરુપૂર્ણિમાએ મહંત સ્વામીનું હરિભક્તોને સભામાં સંબોધન - ભુજ